વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક ₹ 50

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

ફેબ્રુઆરી ૨૦૨૦









'શબ્દની આંખે, સ્વરની પાંખે' ઊઘડતું આકાશ 'સ્વરસેતુ'નો વિશિષ્ટ કાર્યક્રમ

BM

# BIREN MOTORS PVT. LTD.

**AUTOMOBILE ENGINEERS**

L/3-4, BASEMENT, SAMRUDDHI BUILDING, OPP.SAKAR III , Nr. C.U.SHAH COLLAGE,
INCOME TAX, AHMEDABAD-380014 GUJARAT
Phone : 079-27541899, 40392700 | E-mail : birenmotors1991@gmail.com

## ALL TYPE OF

CAR SPA & SERVICES | CAR DENTING & PAINTING WORK
CAR REPAIRING | CAR A/C REPAIR

# VAMAIR

**Since 1979**

**House of Airconditioner**

## CONTACT US FOR :

HI WALL UNITS | CASSETTE UNITS
DUCTABLE UNITS | VRV SYSTEMS
ALL TYPE OF CAR A/C REPAIR & INSTALLATION

GENERAL

MITSUBISHI
HEVY INDUSTRIES
Cooling and Heating Solutions

ONIDA

DAIKIN

LG

4, Vashupujya Chamber, Nr. Navdeep Bldg, Income Tax Circle, Ashram Road,
Ahmedabad-14 • Ph. 27540997, 27540756



Yellow Sapphire



# CERTIFIED GEMSTONES

with Buy Back Guarantee



Ruby



Emerald



Pearl



Coral



Diamond



Blue Sapphire



Hessonite



Cat's eye

RATNAश्री®

Gems & Jewels

42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, **www.ratnashree.com**

# સંપાદકનું સારેગમ

આજકાલ દિવસે ને દિવસે બધું જ જાણે સંકોચાઈ રહ્યું છે, એની ગરિમા ધકેલાઈ રહી છે એવી પ્રતિતી થયા કરે છે. વિવિધ ક્ષેત્રોની વ્યક્તિઓ સાથેની વાતચીત દરમિયાન આવી લાગણી, આવો અનુભવ ઘણાંબધાંનો છે એ વાત પણ જાણવા મળી છે ત્યારે એવો વિચાર પણ આવે કે આવું કેમ? ત્યારે એમ લાગે છે કે અત્યારે બધાને બધું જ જોઈએ છે. ઝડપથી બધું હડપ કરી લેવામાં મૂલ્યો ભુલાઈ જાય છે. સમજણ વિસરાઈ જાય છે અને સૌ પોતપોતાનાં ગાણાં ગાવામાં મસ્ત રહે છે.

કલાના ક્ષેત્રે પણ આવું જ થઈ રહ્યું છે. કશુંક પામવા માટે પલાંઠી લગાવી બેસવું પડે છે. સાધના કરવાથી જ સિદ્ધિ મળે છે. પણ, એટલી ધીરજ આપણે ગુમાવી દીધી છે. ‘ઠહેરાવવાળું’ કશુંય ગમતું નથી. ઈન્સ્ટન્ટના આ યુગમાં સહુને ફેઈમ પણ ઈન્સ્ટન્ટ જોઈએ છે. Facebookની વોલ પર likes મેળવવાની, ચબરાકિયાપણાંથી રજૂઆત કરી ‘ન સૂરની સમજ, ન તાલની પહેચાન’ એવા લોકોની દાદ મેળવી લેવાની હરિફાઈ ચાલે છે.

આવા વાતાવરણમાં પણ જેઓ સખત પરિશ્રમ કરે છે, પોતાના ધ્યેયને વળગેલા રહે છે, પોતાની ઇચ્છાને વળગેલા રહી, મહેનત દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરવાની ખેવના કરે છે તેમને સલામ...

**—સૌમિલ મુનશી**

વર્ષ: ૯/અંક: ૧૧૦/ફેબ્રુઆરી ૨૦૨૦
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાધવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર

**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
કુલ પેજ: ૪૪

**ઈ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં : અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું **‘સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ’** પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ **વન્ડરવેવ્સ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ.** ના નામે લખવો.

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI

શબ્દ અને સૂરની જુગલબંધી—અને જુદાજુદા સર્જકોની શબ્દની સ્વરગૂંથણીનો નવતર પ્રયોગ અંતરના આકાશને મધરાતે ઢંઢોળી ગયો.

સામાન્ય ગીત સંગીતના ચાહકો જાણતા પણ નહીં હોય કે પ્રચલિત રચનાની બીજી સ્વરરચના હશે. આપણી આ વિરાસતને કંઠમાં સાચવી રાખવા માટે અભિનંદન.

કલાકારોની રજૂઆત; orchestration સરાહનીય. સૌમિલભાઈની રચનાઓ અંગેની જાણકારી અને તુષારભાઈના આસ્વાદ એ આ પ્રયોગને સમજવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

એક કાર્યક્રમ શાસ્ત્રીય રાગ પર આધારિત આપણા ગીતોનો થઈ શકે? અને છેલ્લે કાર્યક્રમ લગભગ સમયસર શરૂ થયો માટે તમને અને અમને -પણ- અભિનંદન.

— કશ્યપ વછરાજાની, અમદાવાદ

'શબ્દની આંખે, સ્વરની પાંખે' ઊઘડતું આકાશ સ્વરસેતુનો આ કાર્યક્રમ ખૂબ સરસ રહ્યો. દરેક ગીતની પસંદગી અફલાતૂન રહી અને વળી દરેક કલાકારની રજૂઆત પણ અદ્‌ભુત રહી. કાર્યક્રમ ખરા અર્થમાં કાવ્યોત્સવ, સંગીતોત્સવ અને કાનોત્સવ બની રહ્યો. પતંગ ખૂબ ઊંચે ચગ્યો. અગાશીના ત્રીજા જણની સાથે.

— આભા દેસાઈ, અમદાવાદ

'શબ્દની આંખે, સ્વરની પાંખે' ખૂબ ખૂબ સરસ કાર્યક્રમ સાચા અર્થમાં નવીન બની રહ્યો. સુંદર રચનાઓના અલગ-અલગ સ્વરાંકનોની સુરીલા ગાયકો દ્વારા રજૂઆત સાંભળવાની મજા પડી. ઉત્તમ કાર્યક્રમ રહ્યો. આભાર સ્વરસેતુ. દરેક કલાકારને ખૂબ અભિનંદન.

— હર્ષિદા પંડ્યા, અમદાવાદ

It was a beautifully conceptualized programme! Everything about it was perfect!

— Asha Nanavati, Ahmedabad



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# સ્મૃતિકાય



દેહથી મુક્ત હરપળ સ્મૃતિકાયમાં,
ખૂબ ગમતા છે અંજળ સ્મૃતિકાયમાં.

સ્થળ અને કાળ બન્ને કિનારા સમા,
હું વહું આમ ખળખળ સ્મૃતિકાયમાં.

કૈંક અંધાર વચ્ચે ટકી જાઉં છું,
રાખતો જાત ઝળહળ સ્મૃતિકાયમાં.

ભલભલા હોય તોફાન પણ બળ મળે,
લાગણી એક નિશ્ચળ સ્મૃતિકાયમાં.

હોઉં ત્યાં હોઉં તો હોય એ સાથમાં,
કૈંજ આગળ ન પાછળ સ્મૃતિકાયમાં.

પૂર્વજો કોઈને પણ ન 'મિસ્કીન' નડે,
સર્વદા માત્ર મંગળ સ્મૃતિકાયમાં.

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

નવરાત્રીની આસો સુદ એકમ એ મારો જન્મદિવસ. વર્ષો પછી એ જ દિવસે મારી માતાનું મૃત્યુ થયેલું. અને ત્યારથી જન્મદિવસનું ખેંચાણ પણ છૂટી ગયું. ઊંડે સરી જઉં છું કે મારો જન્મદિવસ મારી બા કઈ રીતે ઊજવતી હતી. તે વર્ષોમાં ૫૦-૬૦ વર્ષ પહેલા સોસાયટીના ચોકમાં ગરબી મૂકવામાં આવે, સોસાયટીની ૨૦-૨૫ સ્ત્રીઓ ૧૦-૧૫ નાની દીકરીઓ ભેગી મળીને ચોકઠામાં ગરબી મૂકી ગરબીની ફરતે ત્રણ તાળીના ગરબા ગાય. રાત્રે ૯ વાગે ગરબા શરૂ થાય અને ૧૧ વાગતા પૂરા. પહેલા દિવસે મને યાદ છે મારી બા મારા જન્મદિન નિમિત્તે પતાસાનો પ્રસાદ કરતી. આમેય નવરાત્રી એકમે ખાસ લોકો ભેગા નથી થતા હોતા. આઠમને દિવસે ઘણાં બધા પ્રસાદ હોય. એકમને દિવસે અમારા ઘરનો

એક જ હોય. મારો સામાન્ય જન્મદિવસ આમ વિશિષ્ટ બની જતો. પછી એ ગરબા ના રહ્યા, બા ના રહી, માત્ર સ્મૃતિમાં આ બધું અકબંધ સચવાયેલું રહ્યું છે. આ નવરાત્રીની એકમે ૨૯/૯/૧૯ના રોજ ઘરમાં એકલો બેઠો છું અને લાભશંકર પુરોહિત લાભુદાદાનો ફોન આવી ચઢે છે. પૂરી સુડતાળીસ મિનિટ વાતો ચાલે છે. મેં તેમને જણાવ્યું કે દાદા આજે જન્મદિવસ પણ છે અને માતાનો મૃત્યુ દિન પણ છે. ત્યારે તેમણે જણાવ્યું કે માતાની સ્મૃતિ... સ્મૃતિકાય... સ્મૃતિરૂપી દેહ તમારામાં અકબંધ છે.

આ સ્મૃતિકાય શબ્દના સહારે જ આપણે સૌ જીવતા હોઈએ છીએ. આપણા પ્રિય સંબંધો, એ ચહેરાઓ, એ વ્યક્તિ વિશેષ સદેહે ભલે ન હોય પરંતુ સ્મૃતિરૂપી દેહમાં એવાને એવા તાજા કોઈ રોગદોગ વગરના અનેક મીઠા સ્મરણો સાથે ધબકતા હોય છે. સ્મૃતિકાય શબ્દે મને જિવાડ્યો છે. અનેક પ્રસંગોએ મારા મનનું સમાધાન કરી આપ્યું છે. સમાધાન શબ્દ પણ મને ગર્ભાધાન જેટલો જ મહત્ત્વનો લાગ્યો છે. લાભુદાદાએ પણ બંને શબ્દોની ભૂમિકા સમાન દર્શાવી.

જિંદગીમાં પ્રિય વ્યક્તિઓ સાથે જે કંઈ જીવી ગયા હોઈએ છીએ એ પ્રત્યેક પ્રસંગ, એ સમય આમ તો જિવાઈ ગયેલા અંજળ છે. અન્ન અને જળમાંથી બનેલો શબ્દ એ 'અંજળ'. પ્રિય વ્યક્તિઓ ભલે દૂર હોય કે હયાત ના હોય તો પણ સ્મૃતિમાં તો જીવતી ધબકતી હોય છે. આપણને સૌને ગમતા આપણાં અંજળ આપણી ભીતર સ્મૃતિરૂપી દેહ બનીને રહેતા હોય છે. સ્મરણને સંબંધ સ્થળ અને કાળ સાથે છે. પણ મજાની વાત એ છે કે એક પછી એક સ્મૃતિ જ્યારે કાયાનું રૂપ ધારણ કરે છે ત્યારે સ્થળ અને કાળ બે કિનારા બની ગયા હોય છે અને આપણે સમયના બધા જ માપ ભૂલી જઈને જીવાતા જીવનમાં ખળખળ વહી જતા હોઈએ છીએ.

માતા-પિતા-વડીલો-મિત્રો-પ્રિય પાત્ર એ બધાની સ્મૃતિ જીવનની લાખ નિરાશાઓ વચ્ચે, લાખ અંધારા વચ્ચે આપણી જાતને ઝળહળ રાખે છે. આપણે એકલા હોઈએ તોય આપણને એકલા પડવા નથી દેતા. જે ઘોર અંધકારમાં માણસ ભાંગી પડે, ડગમગી જાય, નાસીપાસ થઈ જાય એ અંધારાની અંદર આપણે ટકી જઈએ છીએ. આપણે એકલા હોઈએ તોય આપણને આ સ્મૃતિકાય... આ સ્મરણો એકલા પડવા નથી દેતા. આપણા ચહેરાની ચમક બની જાય છે. આશાનું કિરણ બનીને રસ્તો દેખાડી જાય છે.

દરેકના જીવનમાં કોઈ એક વ્યક્તિની યાદ એવી હોય છે જે નિશ્ચળ હોય છે. મારા જીવનમાં મારી માતાની યાદ નિશ્ચળ છે. કોઈ પણ પ્રસંગે તેણે મને સાચવી લીધો છે. દરેકના જીવનમાં કોઈ એક એવું પાત્ર હોય છે જેની યાદ માત્રથી ભલભલા તોફાનમાં ટકી રહેવાનું બળ મળી જાય છે. સ્મૃતિકાયમાં એક લાગણી એવી નિર્મળ અને નિશ્ચળ હોય છે.

આમ તો સ્મૃતિને સંબંધ માત્ર ભૂતકાળ સાથે છે પણ સ્મૃતિકાયની એક વિશેષતા છે. જ્યાં આપણે શરીરથી હોઈએ છીએ ત્યાં જ જો મનથી પણ રહીએ તો સ્મૃતિમાં રહેલા એ પ્રિય પાત્રો આપણી સાથે હરતા-ફરતા વર્તમાનમાં જણાય છે. અનુભવાય છે. કોઈ પાછળ કે આગળના સંદર્ભો ટકતા નથી. ભૂતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાનકાળ એવો કોઈ કાળ રહેતો નથી. એક જ સમય સળંગાઈને એક જ પ્રવાહમાં જાણે વહેતો જણાય છે.

મને કોઈનો વિરોધ નથી. પણ કોઈ જ્યારે એમ કહે છે કે મને પૂર્વજો નડે છે ત્યારે ઘણું દુઃખ થાય છે. મન આ વાત માનવા તૈયાર જ નથી હોતું. જેની પરમાનંદમય અવસ્થામાં આપણે ગર્ભસ્થ થયા હોઈએ, જેણે જીવથી વહાલા કરીને આપણને ઉછેર્યા હોય એ મા-બાપ, એ પૂર્વજો આપણને કઈ રીતે નડી શકે? એક પ્રસંગ યાદ આવે છે, ઘરડાઘરના એક ટ્રસ્ટી શૈલેન્દ્રસિંહ બાપુએ કહેલો. એક દીકરાએ મા-બાપથી

કંટાળીને પત્ની સાથે સુખેથી જીવવા માટે તેમને ઘરડાઘરમાં મૂકી આવ્યો. પછી તો એ પુત્ર ક્યારેય માતા-પિતાની ખબર કાઢવા આવતો નહોતો. પણ હા માં-બાપ પુત્રની રાહ જોતા હતા. એક દિવસ માતા મૃત્યુ પામી. થોડા દિવસ પછી પિતાની તબિયત પણ લથડી. ઘરડા ઘરના ટ્રસ્ટીઓએ પેલા છોકરાને જાણ કરી પણ તેની પાસે બાપની ખબર કાઢવા માટે ટાઇમ નહોતો. થોડા દિવસ પછી પિતા મૃત્યુ પામ્યા. પુત્રને ટ્રસ્ટીઓએ જાણ કરી. પુત્રની પાસે અંતિમ વિધિ માટે પણ ટાઇમ નહોતો. એણે માત્ર એટલું જણાવ્યું કે તમને જે યોગ્ય લાગે તે કરજો. ટ્રસ્ટીઓએ ફોન ઉપર ફરી જણાવ્યું કે ભાઈ એ ચિઠ્ઠી લખી ને ગયા છે એ વસ્તુઓ તમને આપવાની છે. દીકરાએ કહ્યું અનુકૂળતાએ આવીને લઈ જઈશ. જે માતા-પિતા માટે પુત્રને ટાઇમ જ નહોતો તે પુત્રને માટે પિતા પૈસા, પોતાની ઘડિયાળ, વીંટી અને બે-ચાર કીમતી વસ્તુઓ છોડતા ગયા હતા. મરતા-મરતા પણ જે મા-બાપ આપતા જાય એ પૂર્વજ થઈને શા માટે નડે?

ગઝલના અંતિમ શેરમાં એટલે જ સહજ લખાઈ ગયું છે કે પૂર્વજો કોઈને ક્યારેય નડતા નથી હોતા. હા, આપણું મન નેગેટિવ હોઈ શકે, નફરતથી ભરેલું હોઈ શકે પણ એ લોકો તો સર્વદા મંગલમય જ હોય છે. માત્ર આપણે સંસારમાં જતું કરવાની ટેવ પાડવા જેવી છે.

**જશે ચોમેર બરબાદી જ એ સમજી, જતું કરજે,**
**કશું ના માનતો મનનું, છે મન ફરજી, જતું કરજે.**

**તું નહોતો કૈંજ લાવ્યો કૈંજ લઈ જાશે નહીં સાથે,**
**જગત તારું નથી તું એટલું સમજી, જતું કરજે.**

**અહમ્ તારો ડરાવે-ધમકાવે-લલચાવે જે પળમાં,**
**અડગ-નિર્લેપ ને નિર્ભય થઈ ગરજી, જતું કરજે.**

**નથી હા અંત એનો ક્યાંય ભટકાવી તને દેશે,**
**બધી ઇચ્છા કર્યા કરશે સતત અરજી, જતું કરજે.**

**કશું પણ હાથમાં તારું નથી તું પણ નથી 'મિસ્કીન',**
**પ્રભુની એ જ કાયમ હોય છે મરજી, જતું કરજે.**





વિનોદ જોશી

# વરસાદી લાવણ્યના જોબનવંતા ઘૂંટ



જલભીંજેલી
જોબનવંતી
લથપથ ધરતી
અંગઅંગથી
ટપકે છે કંઈ
રૂપ મનોહર!
ને તડકાનો
ટુવાલ ધોળો
ફરી રહ્યો છે
ધીમે ધીમે.
યથા રાધિકા
જમુનાજલમાં
સ્નાન કરીને
પ્રસન્નતાથી
રૂપટપકતા
પારસદેહે
વસન ફેરવે
ધીમે ધીમે.
જોઈ રહ્યો છે
પરમ રૂપના
ઘૂંટ ભરંતો
શું મુજ શ્યામલ
નૈનન માંહે
છુપાઈને એ
કૃષ્ણ-કનૈયો?

— લાભશંકર ઠાકર

'ધૂમકેતુ'ની વાર્તા 'પોસ્ટ ઑફિસ'માં એક વિધાન આવે છે: *'માણસ પોતાની દૃષ્ટિ છોડી અન્યની દૃષ્ટિથી જોવા લાગે તો અરધું જગત શાંત થઈ જાય.'* અન્યની દૃષ્ટિથી જોવું એટલે કેવળ આંખોથી જોવું એમ નહીં, વિચારોથી પણ જોવું તેમ સમજાય છે. આંખો તો હોય પણ દૃષ્ટિ ન હોય તેવું ઘણાં કિસ્સાઓમાં જોવા મળે છે. જોવું એટલે નજર માંડવી એમ

નહીં. તેના અર્થો ઘણાં સૂક્ષ્મ છે. અહીં લાભશંકર ઠાકરની કવિતામાં એ અર્થો બહુ કાવ્યાત્મક રીતે સ્ફુટ થાય છે અને કાવ્યસૌંદર્યનો અનુભવ કરાવે છે.

કાવ્યનું શીર્ષક છે, 'વરસાદ પછી.' વરસાદના આગમનની જે તીવ્રતાથી પ્રતીક્ષા થતી હોય છે તેવી જ તીવ્રતા વરસાદ વરસી રહ્યા પછીની ભીની માટીની સુગંધ અનુભવવામાં હોય છે. આ વરસાદ એક એવો બનાવ છે જે આપણને મુગ્ધતાની સાથે જ પ્રગલ્ભતાનો અનુભવ પણ કરાવે છે. વાદળ અને ધરાને સાંધતા રૂપેરી તારને કોઈ ગણવા બેસે ખરું? જ્યાં જ્યાં ગણિત મંડાય ત્યાં ત્યાં પ્રસન્નતાનું સ્થાન પ્રપંચ લઈ લે છે. આ કાવ્યમાં વરસાદ વરસી રહ્યા પછીની ધરતીની પ્રસન્નતાનું હૃદયગંમ ચિત્ર છે. તૃષાતુર ધરતીને આલિંગીને વરસાદ અદશ્ય થઈ જાય પણ પછી ધરતીને રોમે રોમ જે રોમાંચનું લાવણ્ય ફૂટે તેની સરખામણી કશાની સાથે થઈ શકે નહીં.

પ્રશ્ન એ થાય છે કે અહીં વાત ધરતીની છે કે પછી કોઈ મદભરી યુવતીની? અગાઉ કહ્યું તેમ કઈ દષ્ટિથી આ ઉકેલવું તે એક કોયડો છે. કવિને અહીં અન્યની દષ્ટિ મદદમાં આવે છે અને એ દષ્ટિ છે કામણગારા કૃષ્ણની. કૃષ્ણની દષ્ટિએ ધરતીને નજરમાં વસાવી લેતો કવિ ધરતીની મર્યાદાઓને ઓગાળી દે છે અને તેને એક જોબનવંતી, જળથી લથબથ ભીંજાયેલી કામિની તરીકે જોવા લાગે છે. એનું કોઈ અંગ એવું નથી જેમાંથી રૂપ ટપકતું ન હોય. વરસાદના આશ્લેષથી અભિષિક્ત ધરતીનું રૂપ મ્હોરી ન ઊઠે તો જ નવાઈ! એ યૌવનધારિણીનું આકર્ષણ જ એવું છે કે આંખો ત્યાં અટક્યા પછી ખસવાનું નામ ન લે.

રૂપ એ કંઈ ટપકવાનો વિષય નથી. પણ અહીં 'જલ ભીંજેલી' અને 'લથબથ' કહ્યા પછી તેની ઉત્કૃષ્ટ કક્ષા દર્શાવવા માટે ટપકવા સુધીની પ્રક્રિયાનો કવિએ નિર્દેશ કર્યો. ટપકવામાં કોઈ કશું આક્રમણ નથી. એ એક સુચારુ દર્શન છે. એટલે તો તેની સાથે 'રૂપ મનોહર' એવો વિભાવ કવિએ જોડી આપ્યો છે. વળી આ વરસાદ કંઈ છાનોછપનો નથી આવ્યો. ધોળે દિવસે બધાની હાજરીમાં આવીને વરસ્યો છે અને વરસીને ચાલ્યો ગયો છે. એણે ભીંજવી દીધેલી ધરતી જાણે સદ્યસ્નાતા છે. એક ભરજોબન યુવતીને ભીંજાયેલી ન રહેવા દેવાય તેવી સમજ સાથે તડકો શ્વેતરંગી ટુવાલ બનીને ધરતીનું ડિલ લૂછવા લાગે છે. અને એ ક્રિયામાં પણ કશી ઉતાવળ નહીં. 'ધીમે ધીમે...' કેવું સુંદર કલ્પન છે! ગમે તેવી સ્થૂળ નજર પણ સૌંદર્યમંડિત બની જાય તેવું આ આલેખન છે. સદ્યસ્નાતા એટલે તો તાજી નાહેલી. હજી તો શરીર લૂછ્યું પણ નથી તેવી. કોઈ જોઈ જાય તે પૂર્વે જ ડિલ લૂછી નાખવાની તત્પરતામાં લજ્જાભાવનું કેવું અવ્યક્ત છતાં સહજતાપૂર્વક પમાઈ જતું કાવ્યસૌંદર્ય અનુભવાય છે! વળી આખી વાત કહેવાઈ રહી છે ધરતીનાં બહાને કોઈ યૌવના અંગે અને છતાં કાવ્યમાં તો રાધિકાને બહાને ધરતી વિશે જ આ બધું કહેવાતું હોય તેવું છળ કવિએ રચ્યું છે.

યમુનાના પાણીમાં સ્નાન કરીને રાધિકા જળની બહાર નીકળે અને તેના 'રૂપટપકતા પારસદેહે' ધીમે ધીમે વસ્ત્ર ફરતું રહે તેમ તડકો વરસાદથી ભીંજાયેલી ધરતીને જાણે લૂછી રહ્યો છે, કોરી કરી રહ્યો છે. અહીં વપરાયેલ 'પારસ' શબ્દ બહુ વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. પારસના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય છે એમ કહેવાય છે. અહીં રાધિકાનો પારસદેહ એમ કહેવાયું તેને એ રીતે ઘટાવી શકાય કે રાધિકા જેને સ્પર્શે તે સુવર્ણ બની જાય. અહીં રાધિકા ધરતીનું પ્રતીક છે અથવા તો ધરતી રાધિકાનું પ્રતીક છે. જેમ રાધિકા જેને સ્પર્શે તે સુવર્ણ બની જાય તેમ ધરતીના સ્પર્શથી પણ બધું સુવર્ણ બની જાય. વરસાદના આશ્લેષથી ભીંજાયેલી ધરતીને જ આનંદ આવે છે તેમ નહીં પણ એ આશ્લેષ આપનાર પણ

પારસસ્પર્શ પામ્યો છે તેવી વાત અવળે છેડેથી અહીં ઉકેલે છે અને વરસાદ પણ કંઈક પામીને ગયો છે તેવો તાળો મળે છે.

પ્રસન્નતાની અવધિ ન હોય તેવી આનંદક્રીડાને શબ્દોમાં વર્ણવવી શક્ય નથી તે કવિ જાણે છે. કવિ એ પણ જાણે છે કે પરમ રૂપનું સંકીર્તન ગમે તેટલું કર્યું હશે તો પણ તેની એવી અનેક ઘટનાઓ વણસ્પર્શી રહી જવાની. જે કેવળ અનુભવનો જ વિષય હશે, ભાષાનો નહીં. એટલે હવે કવિને વિમાસણ થાય છે. જે કંઈ દેખાઈ રહ્યું છે એ મનોહરરૂપ દેખાય છે એ પણ સાચું છે અને જે જોઈ શકવાની પોતાની ક્ષમતા નથી એ પણ સાચું છે. કવિ જાણે છે કે પોતાને થઈ રહેલો અનુભવ રૂપની સર્વોત્કૃષ્ટ અવસ્થાનો છે અને ત્યાં સુધી ચર્મચક્ષુ વડે પહોંચવું પોતાનાથી શક્ય નથી. એટલે આ દર્શન નક્કી કોઈ અન્યની આંખે થઈ રહ્યું હોવું જોઈએ એવી કવિને શંકા જાય છે.

જો લથપથ ભીંજાયેલી ધરતી કવિને નમણી રાધિકા જેવી દેખાવા લાગી હોય તો એ દર્શન કવિની ખુદની આંખો એ કરેલું દર્શન નથી. પણ એ આંખોના માધ્યમથી કૃષ્ણ કનૈયાએ કરેલું દર્શન છે. એ જ એક એવો દૃષ્ટા છે જે આ રૂપની સોળે કળાને તેના સાચા અને સાક્ષાત અર્થમાં ઉકેલી શકે. પણ કવિ આમ પોતાને મળતો લાભ કૃષ્ણના ખાતે લખી નાખે તેટલા ઉદાર નથી. એ તો અહીં એવો સંભવ વ્યક્ત કરે છે કે કદાચ આ દર્શન પોતે નહીં પણ પોતાની આંખોમાં આવીને છુપાઈ ગયેલ કૃષ્ણ કરી રહ્યો છે. એટલે તો કાવ્ય પ્રશ્નાર્થ પાસે આવીને અટકે છે.

પણ કાવ્યનું સૌંદર્ય તો એ વાતમાં રહેલું છે કે આવું મનોહારી રૂપ જોતાં જ દરેક જણ કૃષ્ણ બની જાય છે. સૌંદય પામવા માટે તેની સામે જ એવું જ સૌંદર્યકારી પાત્ર બનવાનો મહિમા અહીં પ્રગટ થયો છે. એક એક, બબ્બે શબ્દોમાં કટકેકટકે કટાવના લયમાં કહેવાની વાત કેવી અખંડતા કે અખિલાઈનો સ્પર્શ કરાવે છે તે આકારમાં પણ ભિન્ન લાગતી આ કવિતાનો લાક્ષણિક ગુણ છે.

કોઈ ગઝલકારનો આખો શે'ર તો યાદ નથી આવતો પણ એક મિસરો છેલ્લે જોઈ લઈએ. એ કહે છે:

**તમારું રૂપ જોયું એ પછી નહોતી રહી આંખો!**

અહીં પણ એવું જ છે. આમેય રૂપ ન પામે તે આંખો શા કામની?







Future Solutions
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
GUJARAT'S LARGEST SERVICE NETWORK
0% FINANCE AVAILABLE
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
Get ready to chill
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
Jyoti Plaza, Shyamal Cross Roads, Satellite, AHMEDABAD.
+91 79 26746605 / 06, 99789 69242, 98253 06605
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park, Opp. Pratik Mall, Nr. HDFC Bank, Kudasan.
079 2360 0789
K3DC.IN




Future Automation Solutions
SOLUTIONS FOR SIMPLIFIED LIVING
Authorized Channel Partners & System Integrators
Schneider Electric
Control4
INTEGRATED AUTOMATION SOLUTIONS
HOME & OFFICE AUTOMATION
DISTRIBUTED AV & HOME THEATRES
LIGHTING, SHADE & CLIMATE CONTROLS
SECURITY & SURVEILLANCE
DOOR COMMUNICATION & CONTROLS
FUTURE AUTOMATION SOLUTIONS EXPERIENCE CENTER
079 2674 6605 / 06 | +91 99098 94784
K3DC.IN

POWER PACK SYSTEMS
LEADER IN POWER PROTECTION
Future Solutions Group
POWER BACKUP
SALES . SERVICE . RENTAL
Authorised Premium Dealer
EATON
UPS
POWER PACK SYSTEMS
"Hani House", Ground Floor, B/h. Oriental Bank of Commerce, Shyamal Cross Roads, Satellite, Ahmedabad-380 015.
info@powerpacksystems.in
powerpacksystems2611@gmail.com
9824013589
+91 79 2674 6605 / 06
K3DC.IN

The Cake STATION
COMPLETE SOLUTION FOR BAKERS & CONFECTIONERS
ARIFE Lamoulde
Types of Moulds, Cake Boards, Cupcake Liners.
Fondants, Colours, Essence, Fruit Crush & other edible products.
Types of Cutters & Plungers.
Packing material for Cakes, Cupcakes, Chocolates and many more products.
AUTHORIZED DEALER FOR MUMBAI BASED ARIFE LAMOULDE
DESIGNER CAKES & CUPCAKES (BY ORDER)
14, Vraj Vihar-5, Opp. Gloria Restaurant, Behind Rahul Tower, Satellite, Ahmedabad.
98795 16605 | 079 4006 6605
thecakestation@hotmail.com
K3DC.IN



રતિલાલ બોરીસાગર

# ભાષણ



પછી એક વક્તાએ કહ્યું, અમને ભાષણ વિશે કહો.

ત્યારે તે બોલ્યા:

હિંસા પ્રાણીમાત્રમાં રહેલી કુદરતી વૃત્તિ છે. અન્ય કુદરતી વૃત્તિઓની જેમ હિંસાવૃત્તિનું પણ ઊર્ધ્વીકરણ કરવાનો મનુષ્યે પ્રયત્ન કર્યો છે. હિંસાવૃત્તિના ઊર્ધ્વીકરણ માટે મનુષ્યે ભાષણની શોધ કરી છે. તમે કોઈને ઈજા પહોંચાડો એ હિંસાનું પ્રગટ અને સ્થૂળ સ્વરૂપ છે. તમે ભાષણ કરીને કોઈને અધમૂઓ કરી નાખો એ હિંસાનું સૂક્ષ્મ અને ઊર્ધ્વીકૃત સ્વરૂપ છે. ભાષણ કરવાથી મનુષ્યની હિંસાવૃત્તિનું ઊર્ધ્વીકરણ થાય છે માટે ભાષણ કરવામાં કદી પ્રમાદ ન કરો.

ભાષણ કરવું એ તમારા આત્માની મુક્તિનું દ્વાર છે. તમારા મનમાં ઘમસાણ મચાવતા વિચારો, તમારી કલ્પનાઓ, તમારી એષણાઓ, તમારી મૂર્ખતાઓને તમે તમારા ભાષણમાં નહીં વહાવો તો ક્યારેક તમે ગાંડા થઈ જશો. ભાષણ દ્વારા એમને વહાવવાથી તમારું ચિત્ત હળવું અને પ્રફુલ્લિત બનશે, તમારો આત્મા ઉત્તરોત્તર નિર્મળ થતો જશે. માટે ભાષણની ઉમદા પ્રવૃત્તિ સતત કરતા રહો.

શ્રોતાઓને તમે દેવ ગણજો, કારણ કે શ્રોતાઓ છે તો તમે છો. તમારું ભાષણ સાંભળવાથી શ્રોતાઓના મગજમાં શૂન્યાવકાશ છવાઈ જશે, એમનું મગજ બહેર મારી જશે, શરીરની તમામ ઇન્દ્રિયોનો મગજ સાથેનો સંબંધ કપાઈ જશે, કેટલાકને તો તમારા ભાષણમાંથી સીધા પાગલખાનામાં લઈ જવા પડશે. માટે શ્રોતાઓને પૂજ્ય ગણવાનું તમારું કર્તવ્ય છે એમ સમજો. એક વખત અધમૂઆ થયા પછી પણ બીજી વાર તમારું ભાષણ સાંભળવા આવનાર શ્રોતાઓને તમે અતિપૂજનીય ગણો. એમની છબીઓ તમારા ઘરમાં લટકાવો.

આવા શ્રોતાઓ આ જગતમાં અતિદુર્લભ છે. વારંવાર તમારું ભાષણ સાંભળવા આવનારા આવા શ્રોતાઓ બહેરા છે એવી ખબર તમને પડે તોપણ તમે વિચલિત ન થશો. ભાષણ માટે શ્રોતાઓનું હોવું અનિવાર્ય છે, એમના કાનનું હોવું અનિવાર્ય નથી તે હંમેશાં યાદ રાખો.

શ્રોતાઓ તમારું ભાષણ એકચિત્તે સાંભળે એવી અપેક્ષા તમે કદી ન રાખો. તમારું ભાષણ સાંભળવા આવનારો શ્રોતા ઓછો બુદ્ધિમાન તો હશે જ, પછી એ વધુપડતો કમઅક્કલ હોય તેવી અપેક્ષા ન રાખો. તમારો અધિકાર કેવળ ભાષણ કરવાના કર્મમાં જ છે, શ્રોતાઓ એનું શ્રવણ કરે એવા ફળમાં નહિ- આ જ્ઞાન પચાવીને જ વક્તા બનો.

શ્રોતાઓ તમારા ભાષણમાં ઊંઘી જાય તો નારાજ થવાને બદલે તમે રાજી થજો. વાતો કરવાને બદલે, ખીખી હસવાને બદલે નિરાંતે ઊંઘી જનારો શ્રોતા નિરુપદ્રવી છે માટે તે પૂજનીય છે એમ ગણજો.

તમારા કોઈ પણ ભાષણમાં તમે જ કેન્દ્ર સ્થાને રહેજો. જે પોતાને વિશે બોલતો નથી તેના વિશે બીજું તો કોઈ બોલવાનું નથી એ સત્ય કદી ન વીસરજો. તમારી સન્માન સભા થાય કે ન પણ થાય; તમે મૃત્યુ પામો પછી તમારી શોકસભા થાય કે ન થાય, માટે કોઈના સન્માન-સમારંભમાં કે કોઈની શોકસભા તમે ઝાઝું તો તમારા પોતાના વિશે જ બોલજો. સન્માન પામનાર વ્યક્તિ ખરેખર તમારા કારણે જ સન્માન પામી રહી છે એવું શ્રોતાઓના મનમાં ઠસાવજો. તમે એને માર્ગદર્શન આપ્યું, તમે એને મૂંઝવણમાં હૂંફ આપી, તમે એની જુદાજુદા લોકો આગળ ભલામણ કરી તેથી જ તો એ આવું સન્માન પામ્યા તે વાત નિઃસંકોચ કહેજો. જોકે મૃત્યુ પામનાર વ્યક્તિ તમારે કારણે જ મૃત્યુ પામી છે એવું તમારાથી કહેવાઈ ન જાય એની કાળજી રાખજો. પણ સ્વર્ગસ્થ તદ્દન સામાન્ય કોટિમાંથી તમારી મદદને કારણે જ ઉચ્ચ કોટિએ પહોંચી શક્યા હતા તે અનેક દૃષ્ટાંતો સાચાં જ હોવાં જરૂરી નથી. તમારી કલ્પનાશક્તિને પૂરેપૂરી કામે લગાડી આ દૃષ્ટાંતો ખોલી કાઢજો. તમારી વાત ખોટી છે એવું કહેવા સ્વર્ગસ્થ આવવાના નથી એની ખાતરી રાખજો.

ભાષણ સાંભળી શ્રોતા જગતના દુઃખનો અનુભવ કરે છે, પણ ભાષણ કરનાર સ્વર્ગના સુખને પામે છે એ નક્કી જાણજો.

**('જ્ઞ'થી 'ક' સુધી, સાભાર: ગૂર્જર પ્રકાશન)**





જયંત ઓઝા

# મનોજ ખંડેરિયા... ક્યાંય પણ ગયો નથી...



મનોજ ખંડેરિયા પ્રત્યે કાવ્યપ્રીતિથી પ્રેરાઈને હું મારી વાત રજુ કરું છું. મનોજભાઈનો શેર છે:

**જિંદગી દીધી નાશવંત મને,**
**પણ ગઝલ રાખતી જીવંત મને.**

અક્ષરદેહે તેઓ આપણી સાથે જ છે. તો આવો, તેમની ગઝલોને માણીએ.

ગઝલ સર્જનના ઇતિહાસમાં ન જઈએ તો પણ આ ઉર્દૂ-ફારસી કાવ્ય પ્રકારને ગુજરાતી બક્ષનારા... 'શયદા', 'મરીઝ', 'શૂન્ય', 'બેફામ', 'સૈફ' અને પછીના સર્જકોમાં ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ, હરીશ મિનાશ્રુ, મનહર મોદી, આદિલ મન્સુરી, અમૃત ઘાયલ વગેરે પ્રથમ પંક્તિના શાયરોના યાદીમાં મનોજ ખંડેરિયાનું પણ આગવું સ્થાન છે.

તેમનો જન્મ ૧૯૪૩માં થયો. બી.એસસી., એલએલ. બી.ના અભ્યાસ બાદ પહેલા વકીલાત અને ૧૯૮૪થી પથ્થરની ખાણનો વ્યવસાય શરૂ કર્યો. સમયાનુક્રમે મનોજ ખંડેરિયાના સંગ્રહો **'અચાનક', 'અટકળ', 'અંજની', 'હસ્તાક્ષર', 'ક્યાંય પણ ગયો નથી'** પ્રગટ થયા અને બધા જ સંગ્રહો એક યા બીજી સાહિત્યિક સંસ્થા દ્વારા સન્માનિત થયા-પુરસ્કૃત થયા. ૨૦૦૨નો ધનજી કાનજી સુવર્ણચંદ્રક એનાયત થયો.

મનોજ ખંડેરિયા કવિ તરીકે ઓળખાયા એમના આ શેરથી:

**ફરકતું પડે ત્યારે ભૂરી હવામાં,**
**ઝીણાં શિલ્પ કૈંક કોતરી જાય પીંછું.**

અને જેમ કવિ કાન્ત વિશે કહેવાયું છે કે તેઓ તેમના ચાર ખંડકાવ્યો 'અતિજ્ઞાન', 'ચક્રવાકમિથુન', 'વસંત વિજય' અને 'દેવયાની'થી ઉત્તમ કવિ તરીકે પ્રસ્થાપિત થયા એવું જ મનોજભાઈ વિશે કહી શકાય કે...

**કમળતંતુ સમા આ મૌનને તું તોડ મા નાહક**
**ફરીથી જોડવા બેસું તો વરસોના વરસ લાગે.**

**(ક્ષણોને તોડવા બેસું)**

**જે શોધવામાં જિંદગી આખી પસાર થાય.**
**ને એ જ હોય પગની તળે એમ પણ બને.**

**(પકડો કલમને)**

આ બે ગઝલોથી તેઓ પોંખાયા. ઉપરોક્ત બંને ગઝલોના એકાધિક સ્વરાંકનો પણ થયાં છે.

બહુ વ્યાપક અર્થમાં કહેવું હોય તો કહી શકાય કે કવિતા સર્જન માટે મુખ્યત્વે પ્રેમ, પ્રકૃતિ અને પ્રભુ આ તત્ત્વો પ્રેરક રહ્યાં છે. બહુ જાણીતી અને પ્રશંસા પામેલ ગઝલ 'પગલાં વસંતના'નો પ્રત્યેક શેર ઉપરના કથનની પૂર્તિ કરે છે. કવિતાનો અન્વય કરવાનું ઉચિત માનતો નથી કારણ કે કવિતા માપવાની નહીં પામવાની હોય છે.

**આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,**
**ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના.**

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના!

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના!

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના!

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયા છે આ જ તો છાંટા વસંતના!

ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના!

મનોજ ખંડેરિયાની ગઝલોમાં પુરાકલ્પનોનો વિનિયોગ ધ્યાનાકર્ષક તત્ત્વ છે અને તેમાં નરસિંહ તો અત્ર-તત્ર-સર્વત્ર ડોકાય છે.

- તળેટી જતાં એવું લાગ્યા કરે છે,
  હજી ક્યાંક કરતાલ વાગ્યા કરે છે.
- પકડો કલમને કોઈ પળે એમ પણ બને,
  આ હાથ આખેઆખો બળે એમ પણ બને.
- મને અંત વેળાએ છળતું રહ્યું,
  હવે મારું રથચક્ર ગળતું રહ્યું (કર્ણ)
- સતત પ્હેરી છે વીંટી પણ નથી હું વીંટી ઓળખતો
- સ્મરણથી સાવ શાપિત થઈ ગયો છું શ્હેરમાં આવી
  (શાકુન્તલ)
- આંખ વીંધી શકાતી નથી,
  માછલીની, ઊભી ત્રાજવે,
  અસ્તિના ધનુષ ટંકારનું
  કેન્દ્ર જ્યારે ખસી જાય છે.

ગઝલમાં કવિનો મિજાજ એક આગવું લક્ષણ ગણાય છે, મનોજની ગઝલોમાં પણ એ સ્પષ્ટ દેખાય છે.

- કોઈ મારું ભવિષ્ય શું લખશે
  મારે માટે કલમ વિધાત્રી છે.
- જાણું છું શ્વાસની દગાબાજી
  છે ભરોસો હવા ઉપર કોને
- બે ઘડી આ ગઝલ ગમી તો બસ
  દોસ્ત અહીં થાવું છે અમર કોને

કવિતા સર્જનના સ્વરૂપોમાં ભાષાકર્મ એ સર્જકની આગવી ઓળખ બની રહે છે. વિગતે અભ્યાસ કરનારા સમીક્ષકો-અવલોકનકારો નોંધે છે કે પ્રત્યેક સ્વરૂપની ભાષા અલગ-અલગ હોય છે. જેમ કે ગીત કાવ્ય સ્વરૂપ તત્સમ શબ્દોનો ભાર ન ઝીલી શકે જ્યારે છંદોબદ્ધ કૃતિઓમાં સંસ્કૃત ભાષાના શબ્દો પ્રયોજાય એ આવકાર્ય છે. પરંતુ અંતે તો સર્જકની સ્વાયત્તતા સ્વીકારવી પડે. મનોજ ખંડેરિયાની ગઝલો તપાસીએ તો બંને પ્રકારના દૃષ્ટાંતો મળે.

દીર્ઘ નાટક છે — એક પાત્રી છે,
કેમ ભજવું કે ટૂંકી રાત્રિ છે.

આંચ એને કશી નહીં આવે,
વેદના શુદ્ધ સ્વર્ણ-ગાત્રી છે.

ગડીબંધ પ્હેરણ ત્વરિત પ્હેરી લે,
વખત જાતાં એમાંય સળ નીકળે.

પછી વાતનો ઢોલીયો ઢાળશું,
હવે રાત થઈ ગઈ, કરી લઈએ વાળું.

વિષાદ, વેદના, ખાલીપ આવા સંવેદનો કવિતાના જન્મસ્થાનો છે. કહો કે આવી અનુભૂતિ-પોતીકાં સંવેદનો કવિતા રૂપે વહે છે. (અનુભૂતિ-સંનિધિ, અભિવ્યક્તિ સર્જનના ત્રણ તબક્કા છે.)

વેદના, વિવાદ-અસહાય સ્થિતિ વગેરે સંવેદનો વ્યક્ત કરતા શેર જોઈએ...

**ના નીકળતું આંસુ ભમરો થઈ ગયું,**
**એણે અંદરની સખત કોર્યો મને.**

**મજબૂરી કેવી ડાળની બટકી ય ના શકે,**
**એના તૂટેલા પાનને અડકી ય ના શકે.**

મનોજ ખંડેરિયાની ગઝલમાં શબ્દ એ એક વિશેષ અભ્યાસ માંગી લે એવો વિષય છે. શબ્દ વિવિધ અર્થછાયા-સૂચિતાર્થ પ્રગટ કરે છે. એમનો બહુ જ જાણીતો શેર-

**રસમ અહીંની જુદી, નિયમ સાવ નોખા,**
**અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા.**

**મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,**
**ચરણ લઈ દોડવા બેસું તો વરસોના વરસ લાગે.**

**કપાય કે ન બળે, ના ભીનો વા થાય જૂનો,**
**કવિનો શબ્દ છે, એ શબ્દનો વિકલ્પ નથી.**

**ચમત્કારો નથી તો આ લખાતા શબ્દ બીજું શું,**
**સતત કાગળ ઉપર કંકુ ખરે છે આંગળીમાંથી.**

આ યાદી ઘણી લાંબી છે પણ આગળ કહ્યું એમ એક અલગ લેખ થાય એવો આ વિષય છે.

**અંજની કાવ્યો**

કવિશ્રી મનોજ ખંડેરિયાનું ગુજરાતી કવિતાને મહત્ત્વનું પ્રદાન એટલે એમનો સંગ્રહ અંજની. કવિશ્રી કાન્તે થોડા અંજની પદો-ગીતો લખ્યાં છે.

ગીત તરીકે ઉલ્લેખ થાય છે પણ એવું સ્વરૂપ જાતિછંદ જેવું જ સુઘડ છે. આ એક ચતુષ્પન્દ માત્રામેળ છંદ છે.

૧૬ માત્રા ....

૧૬ માત્રા ....

૧૬ માત્રા ....

૧૦ માત્રા ....

મહદ્અંશે પહેલી ત્રણ પંક્તિઓ એક જ પ્રાસથી સંધાયેલી હોય છે. અને ચોથી અર્ધપંક્તિ આઘાત આપતી-ચોટ આપતી હોય છે. જોઈએ કેટલાંક દૃષ્ટાંતો.

**આંસુના અજવાળામાંથી**
**પીડાના પરવાળામાંથી**
**જીવનના કૂંડાળામાંથી**
**નિત શ્વાસ મળ્યા છે.**

**દર્પણની આ તડની વચ્ચે**
**ઘંટીનાં બે પડની વચ્ચે**
**ઘરની આ સાંકડની વચ્ચે**
**જીવી જાવાનું!**

**ઊંડા ઊંડા કેવા ઊંડા**
**અંધારા હો એવા ઊંડા**
**નવઘણ કૂવા જેવા ઊંડા**
**અક્ષર જળ-રેલા.**

અહીં નવઘણ કૂવો જૂનાગઢનું સ્મરણ કરાવે છે.

**અડી કડી ને નવઘણ કૂવો,**
**ન જુએ એ જીવતો મૂઓ.**

જૂનાગઢનો સંદર્ભ નીકળ્યો જ છે ત્યારે એની સાથે સંકળાયેલ એક અન્ય કૃતિ:

એક અદ્ભુત કૃતિ મળે છે.

**લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો**
**તોર તે ક્યાં ગયો કહેતું નથી.**

—થી આરંભાતી ગઝલના અન્ય શેર જોઈએ—

**જિંદગીના રૂપાળા ચહેરા ઉપર**
**ઉઝરડા ઉઝરડા સેંકડો ઉઝરડા**
**કોણ છાના પગે આવી મારી ગયો**
**ન્હોર, તે ક્યાં ગયો કોઈ કહેતું નથી,**
**પાછલી રાતની ખટઘડીએ હજી**
**એ તળેટી ને એ દામોદર કુંડ પણ**

**ઝૂલણા છંદમાં નિત પલળતો પ્રથમ**
**પ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.**

**મનોજ ખંડેરિયા અને ગીતો**

માત્ર ગઝલ લખીને અટકી ગયેલો આ શાયર નથી. કવિતાના અન્ય સ્વરૂપોમાં કવિની સર્જકતા ખૂબ ધ્યાનાકર્ષક છે અને એમનું એક ઉત્તમ ગીત જોઈએ—

**આયનાની જેમ હું તો ઊભી'તી ચૂપ,**
**ગયું મારામાં કોઈ જરા જોઈને.**

આપણને તરત જ યાદ આવે-કવિ રમેશ પારેખ

**દર્પણ શી આંખ તમે ફેરવી લીધી,**
**ને મારો ચ્હેરો ઢોળાઈ ગયો ધૂળમાં.**

કવિતાના મર્મી-અભ્યાસીઓએ આ બંને ગીતોનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ.

'આયનાની જેમ' એ ગીતની એક કડી જોઈએ—

**એવું તો કેવું આ સિંચાતું નીર**
**મારા નામના સૂકાય પાનલીલા**
**લેતી આ શ્વાસ હવે એમ લાગે**
**જાણે ધરબાતા છાતીમાં ખીલા**
**પરપોટો ફૂટે તો જળને શું થાય**
**નથી જાણ થતી કોઈ દિવસ કોઈને...**

આ કાવ્યમાં નાયિકાની વિરહવ્યથા, તેની તીવ્રતા અને અભાવના અંધારે ફૂટતી એકલતા અભિવ્યક્ત થાય છે.

આ કવિ ગઝલ, ગીત, અંજની કાવ્યોની સાથે દીર્ઘકાવ્યો પણ આપે છે. 'શાહમૃગ' સાદ્યંત પ્રવાહી શૈલીમાં વહેતી અને ઝીણવટભર્યું કવિકર્મ દાખવતી કવિની ખૂબ જ જાણીતી બનેલી કૃતિ છે.

'શાહમૃગ' એ માયાનું પ્રતિક છે અને મનુષ્યના પ્રત્યેક વર્ગને આકર્ષતી કૃતિ છે. કવિતાની ગતિ એના સ્થિત્યાંતરો વિવિધ વળાંકો જે ગતિ ધારણ કરે છે એ જ યથાતથ લયમાં આપણે પ્રયાસ કરીએ તો હાંફી જઈએ. આ દીર્ઘ કાવ્યનો એક બંધ જોઈએ—

**શાહમૃગોના પગની ધૂળે**
**હજીય કંઈ વરસોથી આજે**
**ગામ ગામ અટવાય**
**નગર નગર અટવાય**
**ભીંત ભીંત અટવાય.**

કવિ એમના સંગ્રહ 'અચાનક'માં લખે છે. 'કૈં ઝળહળ ઝળહળ જેવું છે, દરવાજો ખોલ.'

તારીખ ૨૭ ઑક્ટોબર ૨૦૦૩ની વહેલી સવારે દરવાજો ખૂલ્યો હશે અને મનોજ ખંડેરિયાનો દેહ અચાનક એ ઝળહળમાં વિલીન થઈ ગયો.

**(કવિ ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા અંતર્ગત આપેલ વ્યાખ્યાનમાંથી)**





અમર ભટ્ટ

# એકમેવ રાસભાઈ



ક્ષેમુભાઈને ત્યાં 'શ્રવણમાધુરી' નામની શ્રુતિ વૃંદનાં ગાયકોની ઍલપીની શ્રવણ બેઠકમાં રાસબિહારી દેસાઈ (હવેથી રાસભાઈ કહીને ઉલ્લેખીશ)ના અવાજમાં 'આજ મેં તો મધરાતે સાંભળ્યો મોર' સાંભળ્યું હતું. એ અવાજ સાંભળીને ટાગોર કહે છે તેવી અનુભૂતિ મને થઈ હતી—શુનિ શેઈ સૂર, સહસા દેખિતે પાઈ દ્વિગુણ મધુર આમાદેર ધરા—એ સૂર સાંભળીને પૃથ્વી છે તેનાથી બમણી સુંદર લાગવા માંડી. ત્યારે તો ખબર નહીં કે રાસભાઈ સાથે સંગીતનું આ સગપણ થશે. ૨૦૧૧માં કવિશ્રી ઉમાશંકર જોશીના જન્મશતાબ્દી વર્ષમાં એમના ઉપરના અમારા આલબમ 'ગીતગંગોત્રી' માં એક ગીત લેવાનું હતું—

**સૂરજ ઢૂંઢે ને ઢૂંઢે ચાંદાની આંખડી નવલખ**
**તારાનાં ટોળાં ટળવળે રે જી.**
**પૃથ્વી પગથારે ઢૂંઢે ભમતા અવધૂત કોઈ**
**વિશ્વંભર ભરવા નયણે રે હો જી.**

એક અવધૂતી અવાજ એટલે કે રાસભાઈ એ રજૂ કરે એવી મારી ઇચ્છા હતી. હું થોડો સંકોચાતો હતો કે રાસભાઈને મારા જેવા જુનિયર સ્વરકારનું સ્વરાન્કન ગાવા કઈ રીતે કહી શકાય! પણ રાસભાઈએ પોતાના અભિજાત વ્યક્તિત્વ દ્વારા મને જ નહીં પણ સૌ કોઈને એ મોકળાશ આપી હતી. મેં પૂછી નાખ્યું. ને એમણે હોંશપૂર્વક ફકીરી મસ્તીથી માત્ર એકતારા અને ડફ ઉપર એ ગાયું. 'મધરાતે સાંભળ્યો મોર'થી લઈને 'સૂરજ ઢૂંઢે' સુધીના રાસભાઈનો મેઘઘેઘૂર અવાજ ગુજરાતી સંગીતના પટ પર છવાયેલો છે ને રહેશે.

રાસભાઈની સૌપ્રથમ યાદ આવે છે એક સંનિષ્ઠ સંગીત શિક્ષક તરીકેની. એ કહેતા: 'ફીઝિક્સ હોય કે સંગીત, રાસભાઈ મૂળથી શિક્ષકનો જીવ. બંનેમાં શિક્ષણ લગભગ સમાંતર ચાલ્યું. તફાવત એટલો જ કે એક (ફીઝિક્સ)માં વ્યવસાયવશ ને બીજા(સંગીત)માં મિશનવશ!' ૧૯૮૦માં મેં સુગમ સંગીત ગાવાની શરૂઆત કરેલી. હાર્મોનિયમ વગાડીને ગાવાનું તાજું શીખેલો. ક્ષેમુભાઈના કહેવાથી હું ભવન્સ ખાનપુરમાં એક શુક્રવારે ગયો. રાસભાઈએ ખૂબ પ્રેમથી મને આવકારી કૈંક ગાવા કહ્યું. મેં રાસભાઈનું જ સ્વરાન્કન ગાયું—'પાસપાસે તોય કેટલાં જોજન'. (જો કે હું નર્વસ હતો. આ જ ગીત ક્ષેમુભાઈ પાસે જેટલી સારું ગવાયેલું એટલું સારું રાસભાઈ અને એમના વર્ગ રૂબરૂ નહોતું ગવાયું.) પછી ૫-૬ વર્ષ દર બુધવાર અને શુક્રવાર ભવન્સ ખાતે રાસભાઈની નિશ્રામાં. એમના વ્યક્તિત્વની મહેકના પ્રતીક જેવી એમની પ્રિય અગરબત્તીની સુવાસમાં રાસભાઈ પાસે શીખેલાં ગીતો, ગઝલો, ભજનોથી મારી ડાયરી ભરાયેલી હતી. રાસભાઈએ શબ્દગાન શીખવવાની પદ્ધતિ આપી—પહેલાં કાવ્યના શબ્દો લખાવે, એનો પાઠ કરે જેથી એનો લય અને એનું તાલનું

વજન ખબર પડે. કવિ અને સ્વરકારનું નામ અચૂક લખાવે. આજકાલ એવું જોવા મળે છે કે કવિ/સ્વરકારની પરવાનગી લેવાનો વિવેક તો બાજુએ રહ્યો પણ કવિ કે સ્વરકારને તો એની રચના ગવાઈ જાય કે એનું ધ્વનિમુદ્રણ બહાર પડે પછી જ એની જાણ બહારથી થતી હોય છે. ત્યારે રાસભાઈ કવિ/સ્વરકારના આ નૈતિક અધિકાર (ફ્રાન્સમાં જેને droit morale કહે છે) માટે ખૂબ જાગૃત હતા. એ પછી રચના કોઈ રાગ પર આધારિત હોય તો એની માહિતી આપે, એ રાગનું કયા શાસ્ત્રીય કલાકારનું ધ્વનિમુદ્રણ પ્રાપ્ય છે—એની ગાયકીની શી ખૂબી છે વગેરે વાત એવી રસપૂર્વક માંડે કે મારા જેવાને એ રેકોર્ડ ખરીદવાનું મન થાય. સાચો શિક્ષક માત્ર પોપટિયું જ્ઞાન નથી આપતો પણ વિદ્યાર્થીના મનની ક્ષિતિજનો અને કલાત્મક દૃષ્ટિનો વિસ્તાર કરે છે. સૌથી અગત્યનું—રાસભાઈ ઉત્તમ સ્વરકાર હોવા છતાં એમણે પોતાનાં જ સ્વરાંકનો શીખવવાનો આગ્રહ ક્યારેય નથી રાખ્યો. દેશભરના જાણીતા કે ઓછા જાણીતા સ્વરકારોનાં ઉત્તમ સ્વરાંકનો એ શીખવતા. આટલી બધી રચનાઓ શીખવવા પહેલાં એ આત્મસાત કરવી પડે. એમના પછીની પેઢીના સ્વરકારોની રચનાઓ પણ એ શીખવતા. શિક્ષકે નવા પ્રવાહો માટે મનની બારી ઉઘાડી રાખવી જોઈએ એ પાયાની વાત એમણે પચાવેલી. એમણે ૨૦૦૪માં યોજેલો મારો એક કાર્યક્રમ એકંદરે સારો ગયો હતો પણ એમને કૈંક ખૂટતું લાગેલું. એમના લાક્ષણિક વહાલ સાથે મને કહે કે તું વકીલાતની વ્યસ્તતાને લીધે થાકેલો હોઈશ પણ ગાવા માટેની શ્વસન પ્રક્રિયા પર તારે ધ્યાન આપવું જોઈએ. પછી એના ઉપાય માટે શ્વાસની કસરતોનું એક પુસ્તક આપ્યું. એ પછી સમયાંતરે મને સાંભળીને મારો આત્મવિશ્વાસ વધાર્યો. રમેશ પારેખનું આ પદ હંમેશા રાસભાઈના સંદર્ભે હું યાદ કરું છું—

**મારા રે ગુરુએ મારો ડૂમો દળી નાખ્યો,**
**કડવો અજંપો મારો કરુણાથી ચાખ્યો**
**લઘરવઘર મારી લાગણી પંપાળી**
**સતની કાંડીથી સંધી શંકા નાખી બાળી**
**આસ્થાને માંજી માંજી કીધી ઉજમાળી**
**મારા અંધાપામાં રૂડી ઊગાડી રે આંખ્યો.**

૨૦૦૮-૦૯માં દર શુક્રવારે પાછું ભવન્સ જવાનું ને રાસભાઈના વર્ગમાં બેસવાનું મન થયું. વકીલાતની વ્યસ્તતા વચ્ચે પણ હું થોડા શુક્રવાર ગયો. હું રમૂજમાં કહેતો કે મારે 'Fridays with Rasbhai' છે. (અમેરિકન લેખક મીશ ઍલબૉમનું એક પુસ્તક 'Tuesdays with Morrie' વાંચેલું, જેના લેખક વર્ષો પછી પોતાના શિક્ષકને મળે છે ને પછી દર મંગળવારે બંને મળવાનું નક્કી કરે છે. લેખકે લખ્યું છે કે જીવનના ખરા વર્ગો ત્યારે શરૂ થાય છે.)



વર્ષો સુધી રાજ્ય સરકાર દ્વારા આયોજિત સુગમ સંગીત સંમેલનોનું રાસભાઈએ સુંદર સંચાલન કર્યું. ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવમાં સુગમ સંગીતમાં પસંદગી પામેલાં વિદ્યાર્થીઓ માટે આયોજિત ૧૦-૧૦ દિવસની ઘનિષ્ઠ શિબિરોના રાસભાઈએ સમર્પિત શિક્ષક ને કલાકાર તરીકે યોગદાન આપ્યું. વહેલી સવારે એમણે નારગોળમાં રેકોર્ડ કરેલો બુલબુલનો અવાજ અમને આવી એક શિબિરમાં સંભળાવેલો અને એના સ્વરો ઓળખી બતાવેલા. બે બુલબુલનું હાર્મનીમાં ડ્યૂઍટ પણ સંભળાવેલું—હાર્મની એટલે કે એક



ષડ્જ(સા) ગાય ત્યારે જ બીજું ગંધાર(ગ) ગાય. બીજા એક પ્રસંગે હોલો પાંચ માત્રામાં બોલી/ગાઈ રહ્યો છે એમ નિદર્શિત કરેલું અને એમણે 'હોલા ભગત'ની પાંચ માત્રાની વાણી સાથે 'નરસિંહ ભગત (મહેતા)'ના ઝૂલણા (પંચકલ સંધિનો છંદ)ની સરખામણી કરી હતી.

રાસભાઈ સંગીત અંગે ખૂબ વિચારતા. એક સંગોષ્ઠિમાં એમણે 'સુગમ સંગીત'ને 'કાવ્યસંગીત' એવું નામાભિધાન આપવાનું સૂચવ્યું. એમનો તર્ક વ્યાજબી હતો—તખતા પર ભજવાતી કલાઓ-સંગીત,નૃત્ય અને નાટ્ય—એમાંથી નૃત્ય અને નાટ્ય સાથે 'સુગમ' શબ્દ વપરાતો નથી તો પછી શબ્દપ્રધાન સંગીતને શા માટે 'સુગમ સંગીત' એમ કહેવું? જે રજૂ થાય છે તે કવિતા છે, 'કવિતા' એ કલા છે ને કોઈ પણ કલા સુગમ તો નથી જ. ગુજરાતીના સાહિત્ય દિવાકર નરસિંહરાવ દીવેટિયાએ 'કુસુમમાળા' સંગ્રહનાં પોતાનાં કાવ્યોને 'સંગીતકાવ્યો' કહ્યાં હતાં અને એમના આ શબ્દને ઘણું કરીને મૂર્ધન્ય સાહિત્યકાર નવલરામે ટેકો આપ્યો હતો. બીજી એક સંગોષ્ઠિમાં એમણે એક સરસ વિચાર મૂકેલો કે આપણી ભાષાની કવિતાઓ શાસ્ત્રીય રાગોમાં બંદિશ તરીકે ગવાવી જોઈએ. અત્રે યાદ આવે છે કે સુન્દરમ્ અને રાજેન્દ્ર શાહે રાગો ઉપર સૉનેટ્સ લખ્યાં છે. કબીર, નાનક, મીરાંનાં પદો શાસ્ત્રીય સંગીતમાં બંદિશ તરીકે ગવાતાં હોય છે.

ગાયક રાસભાઈની તો શું વાત કરું? ઉમાશંકર જોશીએ ઉસ્તાદ અબ્દુલ કરીમ ખાનના અવસાન પછી એમને આ શબ્દોમાં અંજલિ આપી હતી—

**હતું તારે કંઠે પરમ કંઈ કર્ણામૃત વસ્યું,**
**બધાયે નાદોને જીવતર મળ્યું કંઠ તુજથી.**

હું આ શબ્દો રાસભાઈના અવાજના વર્ણન માટે ઉછીના લઉં છું.

નીચેની લિંક્સમાં રાસભાઈના અવાજની અલપઝલપ ઝલક છે.

૧. મધરાતે સાંભળ્યો મોર (કવિ: ઇન્દુલાલ ગાંધી, સ્વરકાર: ક્ષેમુ દિવેટિયા) https://youtu.be/vqOGn_K-3aE

૨. માંડવાની જૂઈ (કવિ: જિતુભાઈ મહેતા, સ્વરકાર: પુરુષોત્તમ ઉપાધ્યાય) https://youtu.be/EmN8hx0IGqI
૩. મારી આંખે કંકુના સૂરજ આથમ્યા (કવિ: રાવજી પટેલ, સ્વરકાર: ક્ષેમુ દિવેટિયા) https://youtu.be/emYzBkJi0AA
૪. પરથમ પ્રભુજી સાથે પ્રીત (કવિ: પ્રીતમ, સ્વરકાર-ગાયક: રાસભાઈ) https://youtu.be/1YqFu3CQpok
૫. પાસપાસે તોય કેટલાં જોજન (કવિ: માધવ રામાનુજ, સ્વરકાર: રાસભાઈ) https://youtu.be/OG3gvYDOQAE
૬. સૂરજ ઢૂંઢે (કવિ: ઉમાશંકર જોશી) https://youtu.be/mr-LROZMksg

સંસ્કૃત સ્તોત્રોમાં એમની છંદો સ્વરબદ્ધ કરીને ગાવાની ક્ષમતા જોઈ શકાશે. રાસભાઈએ સુરભારતી સ્તોત્ર (https://youtu.be/z8rXQbiSC6o) ગાયું છે જે મ્લાન થતી પણ 'સહૃદય હૃદયહરા' એવી આપણી દેવભાષા સંસ્કૃતનું મહિમાગાન છે. આ ઉપરાંત, નિર્વાણષટકમ (https://youtu.be/931yY1XmA2o), તાંડવ સ્તોત્ર (https://youtu.be/57Mkc4BLHs4) ખૂબ સુંદર રીતે રાસભાઈએ સંગીતમાં ઢાળ્યાં છે. રાસભાઈ-વિભાબેને ગાયેલું 'ગૌરીગિરીશ સ્તોત્ર' (https://youtu.be/C0U4fv5CccU) એમની દીકરી ઋચાનાં લગ્નમાં હસ્તમેળાપ વખતે સાંભળીને આનંદસભર રોમહર્ષણ થયું હતું તે યાદ આવે છે.

રાસભાઈને સંગીતને કોઈ ઔપચારિક તાલીમ નહોતી પણ અંદરની લગન, ખંત, રિયાઝ, શ્રવણ અને વાચન દ્વારા એમણે સ્વાશ્રયી સંગીતસાધના કરી. કિશોરાવસ્થામાં ધાર્મિક,સામાજિક પ્રસંગે મધુર ગાન દ્વારા પરિવારમાં સૌના પ્રિય બનેલા રાસભાઈ કૉલેજ કાળમાં તલત મહેમૂદનાં ગીતો ગાતા હતા. ૧૯૬૪માં વિભા વૈષ્ણવ સાથે રાસભાઈનું લગ્ન થયું. રાસભાઈ-વિભાબેનનો મ્યુઝિકલ મિશનરી ડ્યુઓ એ ગુજરાતની વિરલ ઘટના કહી શકાય. જો કે રાસભાઈ આત્મવિશ્વાસ અને સાતત્યમાં વિભાબેનને ગાયક તરીકે પોતાનાથી ચડિયાતાં માનતા.



રાસભાઈની કેટલીક લાક્ષણિકતાઓ યાદ આવે છે. રાસભાઈ ફોન પર પહેલાં 'હેલો' નહિ પણ 'હરિ: ઓમ' બોલતા. 'હેલો'નું ભારતીય સ્વરૂપ એમણે શોધ્યું હતું. (એ વિભાબેનને બોલાવવા એમનું નામ ન બોલતા પણ 'હેલો' એમ કહેતા. વિભાબેન રાસભાઈના 'હેલો' નો 'બોલો' એમ પ્રાસમાં જવાબ આપતા.) રાસભાઈનું અંગ્રેજી બહુ જ સારું હોવા છતાં એ ગુજરાતી અંગ્રેજી શબ્દો સાથે વાપરી નવા શબ્દો 'કોઈન' કરતા. બે દાખલા યાદ આવે છે. ભવન્સના વર્ગ લેવા એક દિવસ એ આવી શક્યા નહીં કારણ કે એમનાં અંગત સગાં હૉસ્પિટલમાં હતાં. રાસભાઈએ વર્ગમાં ચિઠ્ઠી મોકલેલી—' 'આજે વર્ગ બંધ. ક્ષમસ્વ. સગાંનું ઓપરેશન હોવાથી રાસભાઈ હૉસ્પિટલસ્થ 'બીજો દાખલો—' પીનડ્રોપ સાયલન્સ 'ને એ કાયમ 'ટાંકણીપતન શાંતિની અપેક્ષા' એમ કહેતા. બને ત્યાં સુધી ક્રિયાપદ વગરના વાક્યો બને એટલા લાઘવથી લખતા. પોતાને 'રાસભાઈ' જ કહેતા. ક્યારેય હું ન વાપરતા. એ ગયા એના આગલા દિવસે એટલે કે ૫/૧૦/૨૦૧૨ના દિવસે એક એફએમ રેડિયોમાં આરજે

દેવકીએ એમને આ અંગે પૂછેલા પ્રશ્નનો રાસભાઈએ નિખાલસતાથી ખુલાસો કરતાં કહેલું કે પોતાના ગુરુની શીખ પરથી લગભગ ૧૯૮૦-૮૨થી પોતાને 'હું' નહીં પણ 'રાસભાઈ' કહેવાનું શરૂ કરેલું. શ્રીમદ્ ભાગવતનો આ શ્લોક એ ખૂબ સરસ ગાતા—યોન્ત: પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તામ'—એમાં કહેલી વાત—'આપણી અંદર પ્રવેશેલું કશુંક જે આપણી સૂતેલી વાણી જગાડે છે—તે ત્રીજો પુરુષ તે 'રાસભાઈ'. એનાથી ઘણાંને ગેરસમજ થતી હશે એવા પ્રશ્નના જવાબમાં રાસભાઈએ કહેલું કે જે થાય તે થવા દેવું એવી પણ એમના ગુરુએ આપેલી શીખ છે.

કેટલીક અંગત યાદો છે—'શ્રુતિ'ના એક કાર્યક્રમમાં રાસભાઈએ પૂરિયા ધનાશ્રી પર આધારિત જગજિત સિંહની એક ગઝલ ગાયેલી—'ઢલ ચૂકા ચાંદ ગઈ રાત ચલો સો જાયેં'. મારી ચૌદેક વર્ષની ઉંમરે સાંભળેલી આ ગઝલ હજી મનમાં અકબંધ છે. મને થાય છે રાસભાઈએ એ ક્યાંથી શોધી હશે કારણ કે જગજિતજીના એક પણ આલબમમાં એ નથી. પ્રસિદ્ધ રંગકર્મી પ્રવીણ જોશીના અકાળ અવસાન પછી એમને અંજલિ આપતા કાર્યક્રમમાં રાસભાઈએ માધવ રામાનુજની આ રચના ગાયેલી—'હળવા તે હાથે ઉપાડજો રે અમે કોમળ કોમળ' અને છલોછલ ભરેલો સુંદરી હૉલ આંસુથી પણ છલકાતો હતો એ દૃશ્ય હજી યાદ છે. https://youtu.be/wDraha4fv38 પોતે ફિઝિક્સના પ્રૉફેસર અને ક્યારેક ઍસ્ટ્રોનોમી ને એમાંથી ઍસ્ટ્રોલોજીની વાતે ચડે. મને કહે કે તારો ગુરૂ બહુ પાવરફુલ છે. હું મજાકમાં કહેતો કે મારા ગુરૂ (રાસભાઈ) બહુ પાવરફુલ છે.

મારી વ્યાજબી ફરિયાદ હતી કે રાસભાઈએ અન્ય સ્વરકારોનાં સ્વરાંકનો પોતાનાં કરીને ગાવાનો વિવેક દાખવ્યો એમાં પોતાનાં સ્વરાન્કનો ગાવા પ્રત્યે વધુ પડતો લો પ્રૉફાઇલ રાખ્યો. રાસભાઈએ એ ફરિયાદના જવાબરૂપે ૨૦૧૨માં પોતાનાં સ્વરાંકનોનું ધ્વનિમુદ્રણ શરૂ કરેલું. એમાં મારી પાસે સૌપ્રથમ કવિ ભગવતીકુમાર શર્માનું આ ગીત ગવડાવ્યું—

**ભીનો ભીનો કાગળ લઈ વરસાદ ચીતરવા બેઠા,**
**પીંછી બદલે પાંપણ લઈ વરસાદ ચીતરવા બેઠા.**

https://youtu.be/6-flQyzBbJQ

વરસાદની વાત છે એટલે મલ્હારનો આધાર તો હોય પણ ગીતમાં રહેલો વિષાદનો ભાવ—પૅથોસ—એમણે મલ્હારના સ્વરો, ખાસ કરીને બંને નિષાદ—કોમળ અને શુદ્ધ—અદ્ભુત રીતે પ્રયોજીને વ્યક્ત કર્યો છે. એ એમની સ્વરકાર તરીકેની આગવી સૂઝ પણ દર્શાવે છે. ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે આ ગીત સ્ટુડિયોમાં મેં ગાયું. એ પહેલા જ ટેકમાં ઑકે થયું એનો રાસભાઈને થયેલો આનંદ અને એમનો એ 'વૉર્મ હગ'—હજી ભુલાતા નથી. રાસભાઈનું એક અનોખું સ્વરાન્કન ગાવાનો મોકો મળ્યો. તુકારામના મૂળ મરાઠી અભંગનો સુરેશ દલાલે ગુજરાતીમાં અનુવાદ કરેલો—

'કૃષ્ણ મારી માતા' https://youtu.be/LVmoXoa6e4Q

આમ તો એ એમનાં આલબમ્સ 'અનહદનાં અજવાળાં' અને 'સ્મરણનાં અજવાળાં'માં એમના જ અવાજમાં રેકોર્ડ થયું હોત, પણ ૬ ઑક્ટોબર ૨૦૧૨ના દિવસે—'મધરાતે સાંભળ્યો મોર' ગીતની પંક્તિ ઉપયોગમાં લઈને કહું તો—એમણે 'કલશોર સંકેલી લીધો'. રાગ ચંદ્રકૌંસનો જ આધાર લઈને 'કૃષ્ણ મારી માતા'નું સ્વરાન્કન છે. 'મધરાતે સાંભળ્યો મોર'માં પણ રાગ ચંદ્રકૌંસનો આધાર છે ને એમાં રિષભ(રે)નો પ્રયોગ ગીતનું સૌંદર્ય વધારે છે, તો 'કૃષ્ણ મારી માતા'માં અંતરામાં પંચમનો('પ'નો) ઉપયોગ ધ્યાન ખેંચે એવો છે.

રાસભાઈએ શુદ્ધ સાત્ત્વિક કાવ્યસંગીતશ્રવણ માટે સહૃદયી શ્રોતાઓનું એક મંડળ રચવાની પ્રેરણા આપેલી અને એનું 'સંગીતિ' એવું નામ આપેલું જે આજે એક પબ્લિક

ટ્રસ્ટ તરીકે કાર્યરત છે. રાસભાઈએ એનું સૂત્ર પણ બનાવેલું 'યસ્ય શ્રવણ માત્રેણ'. કલાકાર પોતાનું શ્રેષ્ઠ પીરસી શકે એવું પ્લૅટફૉર્મ પૂરું પાડવાનું એનું ધ્યેય છે.

૨૦૧૨માં આપણા સાહિત્ય સંગીતના મોભીઓએ અચાનક વિદાય લીધી. પ્રથમ ભોળાભાઈ પટેલ, પછી સુરેશ દલાલ અને પછી રાસભાઈ અંગ્રેજ કવિ ઍલિયેટે (કદાચ કવિતાના?) અંત માટે કહ્યું છે કે 'End should be simple, sudden and God given.' ૬/૧૦/૨૦૧૨ના રોજ રાસભાઈની કાયમી વિદાય પછી રાસભાઈનાં સ્વરાન્કનોનાં ત્રણ આલબમ્સ પ્રકાશિત થયાં—ગુરુને બાત સુનાયા (કબીરનાં પદોની પ્રસ્તુતિ), અનહદનાં અજવાળાં અને સ્મરણનાં અજવાળાં. આ માટે રાસભાઈએ ૪/૧૦/૨૦૧૨ સુધી સ્ટુડિયોમાં ગાયું પણ ખરું. મકરન્દ દવેના આ શબ્દો રાસભાઈને બરાબર લાગુ પાડી શકાય—

**અમે ગાતાં ગાતાં જાશું**
**આ નગરીને છેલ્લે દરવાજે**
**વિદાયસાંજે મધુર અવાજે**
**સલામના સૂરે સુંદરના ખોળે ધન્ય સમાશું**
**અમે જાતાં જાતાં ગાશું,**
**અમે ગાતાં ગાતાં જાશું**

૬/૧૦/૨૦૧૮ના દિવસે રાસભાઈની સ્મૃતિમાં 'સંગીતિ'એ યોજેલા એક કાર્યક્રમમાં એમને ભરપેટ યાદ કરીને મેં આ ગીત ગાયું છે. https://youtu.be/VfR5xnRIqR8

અદમ ટંકારવીનો શેર છે:

**સ્મરણ લીલું કપૂરી પાન જેવું,**
**હવામાં ચોતરફ લોબાન જેવું.**

રાસભાઈનું સ્મરણ લોબાનની જેમ મઘમઘે છે.



# પરીક્ષા



બે વાગી ગયા. હજી રીના કેમ ન આવી?

હું રીનાની આતુર મને રાહ જોતી હતી. દસમીની પરીક્ષા આપી રહી હતી. આજે બીજગણિતનું પેપર હતું. રીનાનો માનીતો વિષય. તેણે મહેનત પણ ઘણી કરી હતી. કહેતી હતી, 'આ વખતે નેવું માર્ક્સ તો ઓછામાં ઓછા લાવવા જ છે.'

હું બારણું ઉઘાડીને જ બેઠી હતી. રીનાનું હસતું મોં મારે જલદી જોવું હતું.

'અરે, બોલ તો ખરી, કેટલા માર્ક્સ લાવવાની?'

'શાબાશ! મારી દીકરી શાબાશ'! હેતથી મેં એને ચૂમી લીધી.

ત્યાં અમારા પડોશની સોનાલી આવી. મેં એને પૂછ્યું, 'પેપર કેવું ગયું?'

'સુપર્બ!'—એ પણ ઘણી ખુશ દેખાતી હતી.

તેની પાછળ તેની મમ્મી પણ આવી. તેને જોઈ બોલી, 'અરે, મમ્મી! આજે તો કાંઈ જ બહારનું નહોતું. બધું જ બધું હું જાણતી હતી. લખવામાં મજા આવી ગઈ!'

તે મા-દીકરી ગયાં પછી મેં રીનાને પૂછ્યું, 'આ લોકો શું વાત કરતાં હતા? બહારનું નહોતું એટલે શું?'

'મમ્મી, એમને પેપર પહેલેથી મળી ગયું હશે. પરીક્ષામાં એ જ આવ્યું. એટલે કશું બહારનું નહીં.'

'એમ પહેલેથી કેવી રીતે મળી જાય?'

'અમારા સેન્ટર પર ઘણી છોકરીઓ પાસે પેપર હતું. એકે મને બતાવ્યું કે આ પ્રશ્ન આવવાનો છે. પણ મેં તે તરફ ધ્યાન જ ના આપ્યું. પરંતુ ઘણા કહેતા હતા કે આજનું પેપર ફૂટી ગયું હતું.'

'હા, બેટા! આપણે તો મહેનત કરીને જ ભણવાનું.'

મારી દીકરી બહુ જ મહેનતુ, કોઈ ટ્યૂશન નહીં. જાતે જ મહેનત કરે. પડોશીની સોનાલી તો રખડુ છે... નવમીમાં એક વાર નાપાસ પણ થયેલી. આ વરસે ખાસ ટ્યૂશન પણ

રાખેલું. પણ આખો વખત નવા નવા ડ્રેસ પહેરીને બહાર જ ફરતી હોય. મેં એને ક્યારેય ચોપડી લઈને બેઠેલી જોઈ નથી.'

જમીને રીના બોલી, 'મમ્મી, હું જરીક બાજુમાં જઈને આવું.'

'કેમ, કાલની તૈયારી કરવી નથી?'

'હું હમણાં જ આવું.'

પૂરા અડધો-પોણો કલાકે આવી. ત્યારે ગુમસૂમ લાગતી હતી. 'મમ્મી, એ લોકો તો સો રૂપિયા આપીને પેપર લાવ્યા હતાં. મેં તો માસીને કહ્યું કે આવી રીતે પેપર ફૂટી જાય તો ફરી પરીક્ષા લેવી જોઈએ. પણ એ લોકો કહે કે ફરી પરીક્ષા શું કામ? પેપર ફૂટી ગયું તે બોર્ડનો દોષ. તેમાં અમે શું કરીએ?

'હશે બેટા, સહુ પોતપોતાનાં કર્યા ભોગવશે. તું તારે વાંચવા બેસી જ!' એ વાંચવા તો બેઠી, પણ મેં જોયું કે એ ખાસ્સી બેચેન હતી.

સાંજે હું બહાર જઈ શાકભાજી, ઘરસામાન વગેરેની ખરીદી કરીને આવી, ત્યારે રીના કહે, 'મમ્મી, હમણાં જ મારી એક બહેનપણી કાલનું આખું પેપર આપી ગઈ. કહેતી હતી કે કાલે આ જ આવવાનું છે. પણ મેં તો જોયું જ નહીં, બાજુએ મૂકી દીધું.'

મેં પાસે જઈને એના માથે પ્રેમથી હાથ ફેરવ્યો. 'મારી દીકરી કેટલી ડાહી છે!'

પરંતુ રીનાના મનમાં કશુંક ઘોળાતું હતું. રાતે જમ્યા પછી ફરી એણે વાત કાઢી, 'મારા જેવી છોકરીઓ વરસ આખું મહેનત કરે અને આ બધાં રખડ્યાં કરે. પણ પરીક્ષા વખતે પેપર ફોડીને એકદમ આગળ આવી જાય! કદાચ માર્ક્સ પણ અમારા કરતાં સારા લાવે. એટલે પછી એમને સારી કૉલેજમાં પ્રવેશ પણ મળી જાય, અને અમે લટકી પડીએ! આટલી મહેનત પછી પણ...'

મેં જોયું કે એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં તેવામાં એની એક બીજી બહેનપણીનો ફોન આવ્યો. તેણે ફોનમાં જે કાંઈ કહ્યું, તેનાથી રીના વળી વધુ વ્યગ્ર બની ગઈ. ફોન મૂકીને એકદમ સોફા પર બેસી પડી. મેં પૂછ્યું, 'બેટા, શું થયું?'

ઘણી વાર સુધી એ કાંઈ બોલી નહીં. પછી કહે, 'મારી બહેનપણી લખે છે કે સૉલિડ સજેશન છે. આ પ્રશ્ન કાલના પેપરમાં આવવાનો જ... પણ મમ્મી, મારી તો એ વિશે કાંઈ તૈયારી નથી.'

'કાંઈ નહીં, હજી વાંચી લે ને!'

એ વાંચવા બેઠી. પણ રાતે સૂતી વખતે કહે, 'મમ્મી, આજે હું તારી સાથે સૂઈ જઈશ.'

'આવ ને! બેટા, તને કાંઈ થાય છે?'

'કાંઈ ગમતું નથી. આમ ચોરી કરીને પરીક્ષા આપવાની?'—અને મને વળગીને સૂતી. હું કાંઈ ન બોલી, એના વાંસે હાથ ફેરવતી રહી.

બીજે દિવસે એની વાટ જોતાં હું બહુ ચિંતામાં હતી. એ પરીક્ષા દઈને આવી. મોઢા પર ખુશી તો જણાતી હતી, પણ સાથે કંઈક ગંભીર લાગતી હતી. મારી સોડમાં સરકી મારી છાતી પર માથું મૂકી ધીરે ધીરે બોલી: 'મમ્મી, પેપર ઘણું સારું ગયું... પેલો પ્રશ્ન આવ્યો હતો... રાતે વાંચી ગઈ હતી એટલે મારી તૈયારી હતી... પણ મેં જવાબ લખ્યો જ નહીં... ભલે એટલા માર્ક્સ ઓછા!... હવે મને ઘણું સારું લાગે છે, હોં મમ્મી!'

મારી આંખો ઊભરાઈ આવી અને ગર્વથી મારી છાતી ફૂલી.

**(શ્રી પૂર્ણિમા મેટકરની મરાઠી વાર્તાને આધારે,
રૂપાંતર: હરિશ્ચંદ્ર, પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી,
સાભાર: યજ્ઞ પ્રકાશન)**

# 'શબ્દની આંખે, સ્વરની પાંખે' ઊઘડતું આકાશ – સ્વરસેતુનો વિશિષ્ટ કાર્યક્રમ






તારીખ ૨૫મી જાન્યુઆરીના રોજ ઠાકોરભાઈ દેસાઈ હોલમાં સ્વરસેતુ દ્વારા એક અલગ જ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આરતી મુનશી અને શ્યામલ-સૌમિલ સંગીત કલાક્ષેત્રે છેલ્લાં ચાર દાયકાથી જોડાયેલાં રહ્યા છે અને એમની આ કલાપ્રવૃત્તિને શબ્દનો સાથ મળ્યો કવિશ્રી તુષાર શુક્લનો. આ સુદીર્ઘ યાત્રા દરમિયાન ગુજરાતી કાવ્યસંગીતના સ્વનામધન્ય સ્વરકારોના સાન્નિધ્યમાં આવવાનું થયું અને તેમની પાસેથી ઘણાંબધાં સ્વરાંકનો શીખવાનો લાભ પણ મળ્યો. આ ઉપરાંત પારિવારિક વાતાવરણ અને અન્ય કલાકારોને સાંભળવાનો પણ તેમને મોકો મળ્યો. આમાંથી 'ઉત્તમ'ને પામી એને શીખવાની તેમની ખેવનાને કારણે એમની ડાયરીમાં અનેક ગીત, ગઝલ, ભજન અને ગરબા સચવાયેલાં છે.

'શબ્દની આંખે, સ્વરની પાંખે' કાર્યક્રમની પરિકલ્પના ઉપરોક્ત કારણને લીધે જ શક્ય બની. આ કાર્યક્રમમાં એવાં કેટલાંક ગીત ગવાયા જેમને જુદાં-જુદાં સ્વરકારે સ્વરાંકિત કર્યા હોય. એક સ્વરાંકન ખૂબ જ જાણીતું બન્યું હોય અને બીજું ઓછું કાને પડવાને કારણે પ્રચલિત ન થયું હોય. આવી કેટલીક ૧૦ રચનાઓ (પ્રત્યેક રચનાના ૨ સ્વરાંકનો)ની પસંદગી કરવામાં આવી અને તેની રજૂઆત પ્રતિભાસંપન્ન ગાયક કલાકારો ગાર્ગી વોરા, પરાગી અમર, અર્ચિત પાટડીયા અને અમન લેખડિયા દ્વારા કરવામાં આવી. આરતી મુનશી અને શ્યામલ-સૌમિલે એક-એક રચના ગઈ

પોતાનો સૂર રેલાવ્યો.

સામાન્યત: ગુજરાતી કાવ્ય સંગીતના કાર્યક્રમ વખતે પ્રસ્તુતિ વેળાએ ગાયક અને કવિનો મહિમા વિશેષ રહેતો હોય છે. આ કાર્યક્રમના કેન્દ્રમાં હતા 'સ્વરકાર'. જેમનો જે-તે રચનાના ભાવપક્ષ તરફનો અભિગમ સ્વરાંકનમાં અનુભવાયો. કાર્યક્રમની શરૂઆતમાં જ સંકલનકાર તુષાર શુક્લ દ્વારા એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી કે આ રજૂઆત વેળાએ સરખામણીનો હેતુ તો નથી જ. અને સૌથી વધુ આનંદ એ આવ્યો કે ઉપસ્થિત શ્રોતાઓએ આ વાત સમજ્યા અને અપરિચિત, અલ્પપરિચિત સ્વરાંકનોને માણ્યા અને વખાણ્યા.



| | | |
|---|---|---|
| દાન દે વરદાન દે | ક્ષેમુ દિવેટીઆ | અમન લેખડિયા |
| | રસિકલાલ ભોજક | ગાર્ગી વોરા |
| સાંવરિયો રે | ગૌરાંગ વ્યાસ | પરાગી અમર |
| | હરિશ્ચન્દ્ર જોશી | ગાર્ગી વોરા |
| પૂછતી નહિ કેટલો પાગલ | માલવ દિવેટીઆ | અમન લેખડિયા |
| | રૂપકુમાર રાઠોડ | અર્ચિત પાટડિયા |
| ખોબો ભરીને | અજિત મર્ચન્ટ | પરાગી અમર |
| | દિલીપ ધોળકિયા | અર્ચિત પાટડિયા |
| સૈયર તારા | દક્ષેશ ધ્રુવ | ગાર્ગી વોરા |
| | શ્યામલ-સૌમિલ | આરતી મુનશી, પરાગી અમર |



વાદ્યવૃંદમાં રિશીન સરૈયા, નિલય ત્રિવેદી, મનીષ કંસારા, અર્ચન કવિશ્વર, કંદર્પ કવિશ્વર, ઋજુલ શાહ અને શ્રેયસ દવેનો સાથ મળ્યો. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી આ કાર્યક્રમની રજૂઆત સુપેરે થઈ શકી.



| | | |
|---|---|---|
| કેવા રે મળેલા મનના | ક્ષેમુ દિવેટીઆ | આરતી મુનશી, સૌમિલ મુનશી |
| | રાસબિહારી દેસાઈ | પરાગી અમર, અમન લેખડિયા |
| મારે રુદિયે બે મંજીરા | ક્ષેમુ દિવેટીઆ | ગાર્ગી વોરા |
| | દક્ષેશ ધ્રુવ | અમન લેખડિયા |
| પાન લીલું જોયું ને | પુરુષોત્તમ ઉપાધ્યાય | પરાગી અમર |
| | રાસબિહારી દેસાઈ | ગાર્ગી વોરા, અમન લેખડિયા |
| હો પિયા તોરી | નિનુ મઝુમદાર | અર્ચિત પાટડિયા |
| | ક્ષેમુ દિવેટીઆ | ગાર્ગી વોરા |
| રહસ્યોના પડદા | શ્યામલ-સૌમિલ | શ્યામલ-સૌમિલ |
| | આશિત દેસાઈ | અર્ચિત પાટડિયા |




festive
COLLECTION

Now In Store

THE Raymond SHOP

• C G Road. Tel: 26443333/26443355
• Ashram Road, Opp. Handloom House. Tel: 26589529
• S G Road, Iscon Mega Mall. Tel: 40028027

દરેક માણસમાં એક બારી અને દરવાજો હોય છે
માણસ પોતે અત્યંત દમામભેર દરવાજામાંથી...
પોતાની અંદર પ્રવેશ કરે છે... સોફા ઉપર બેસે છે... પથરાય છે...
પથારીના સળ સરખા કરે છે... એકાદ ફ્લાવરવાઝમાં ફૂલો ગોઠવી
પોતાને સુશોભિત કરે છે.



એક રેશમી... સુંવાળી અને સૂમસામ નિરાંત મેળવવા,
ગઈ કાલના થાકી... હાંફી... ગયેલા સપનાંઓને...
ઓશીકા ઉપર પાથરે છે.


અને પછી... એકાએક... એક દિવસ...
બેબાકળો અને બિસ્માર બની...
કોક અજાણ્યા... તરસ્યા જંગલોની આદિમ લિપી ઉકેલવા
બારી કૂદી નાસી છૂટે છે.

એટલે જ... ગઈકાલનો શ્રીકાન્ત...
આવતી કાલના શ્રીકાન્તની
બારી ખોલી નાસી છૂટે
એ પહેલાં...



# શ્રીકાંત શાહ 'અને હું' થી 'એક હતો હું' બની ગયા

પોતાના 'એકાંતની અડોઅડ' જઈ બેઠલા એક માણસના નગર જેવા શ્રીકાંત શાહ 'અંક છેલ્લો દશ્ય છેલ્લું' ભજવીને તારીખ ૨૨ જાન્યુઆરીના રોજ 'અને હું'થી 'એક હતો હું' બની ગયા. આધુનિક ગુજરાતી નાટ્યશૈલી અને આધુનિક કવિતા સર્જન દ્વારા તેમની સ્મૃતિ રજનીગંધા ફૂલની સુગંધ થઈને સદાય મ્હેકતી રહેવાની. તેમની સ્મૃતિમાં આવી સુગંધસભાનું આયોજ તારીખ ૨૫ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું. જેમાં શ્યામલ-સૌમિલ દ્વારા કેટલીક કવિતાઓનું ગાન કરવામાં આવ્યું. દેવકી, સૌમ્ય જોશી, નૈષધ પુરાણી, કમલ જોશી, દીપ્તિ જોશીએ તેમની કેટલીક કવિતાઓનું પઠન કર્યું. હેમંત નાણાવટી અને રાજુ બારોટ દ્વારા તેમના નાટકમાંથી કેટલાંક સંવાદોનું પઠન કરવામાં આવ્યું. તુષાર શુક્લએ ભાવસભર સંચાલન કર્યું અને પોતાની મૌલિક કવિતાનો પાઠ કર્યો.



રોજ કરતાં જુદી છે સાંજ
થોડીક ભૂખરી, મ્લાન, મેલખાઉ, રજોટાયેલી,
ધૂમિલ, ધૂસર..
આ ઓરડાની દીવાલોને હું ખોતરી ચૂક્યો છું
આંખોથી
ઈંટો દેખાય છે અંદરની, મને.
અગરબત્તીની સુગંધ
દીવામાં બળતું ઘી
આસપાસ આઘાપાછા થતા માણસો
ઓળખીતા
ન ઓળખાતા
મારા રચેલા પાત્રો પણ છે એમાં.
બોલે છે અજાણ્યા ઈશ્વરનું નામ
મને ભલે નથી ખબર એની
પણ એને આવડે છે મારું નામ
તે આજે બોલાવ્યો છે મને સામેથી
સાદ દઈને.
મને સૂવાનું ફાવતું નથી આના પર.
ખૂંચે છે મને.
પણ તોય પડ્યો છું
ફરિયાદ કરવાનું છૂટી ગયું છે
યાદ કરવાનું પણ.
મને ગમ્યાં આ રજનીગંધાનાં ફૂલ
બસ જોયા કરું છું બધું.

પુસ્તકો એમ જ છે, શેલ્ફમાં
વંચાયેલા
વંચાવાની રાહ જોતાં
ટેબલ પર કાગળો છે
પેન પણ, બે ત્રણ
બહુ લખું છું એટલે નહીં
ચાલતાં ચાલતાં અટકી જાય છે કોઈક
એટલે.
ડ્રોઅરમાં પડી છે કવિતા
ને પેલી એમ જ છે
ચોંટાડેલી કબાટ પર.
કબાટમાં ફાઈલમાં વ્યવસ્થિત છે લખાણ.
મારું કશું અવ્યવસ્થિત ન હોય
મને તો જડે જ.
વાંચવા માટે નથી જોઈતાં ચશ્માં.
બહુ પ્હેર્યાં.
છો પડ્યા ત્યાં જ.
આઈસ્ક્રીમ છે ફ્રીજમાં
આ લોકોને યાદ આવે તો સારું.
નહીં તો એ ય ઓગળશે એના સમયે.
જેમ હું
ઓગળતો રહ્યો
મારી જ ભાષા બોલનારાઓ વચ્ચે
સાવ અજાણ્યો બનીને કટકે-કટકે...

બહુ દિવસે બહાર નીકળીશ આજે
મારે નહીં બંધ કરવો પડે દરવાજો, ઝાંપો.
પીળા ફૂલો ઊગ્યા હશે ડાળે
એની પાસેથી પસાર થતાં
કોઈ ન જુએ તેમ
અડી લીધું છે મેં એમને.
પીળા ફૂલ કાલે પણ હશે
ને હું.....
લીફ્ટ વગર જ ઉપર જવાની
વ્યવસ્થા હોય તો મને ગમે.
જો કે હજી
કદાચ જઈને બેસું થોડીક સાંજ
લોચેલા સ્કૂલના બાંકડે
વરસો સુધી સાચવેલા ફાનસ
એકદમ જ સળગી ઊઠ્યા છે, ઝરતા.
ગોળીઓ ભલે ઘેર રહી.
ખાધા વગર જ ઊંઘવાની મજા લઈશ, આજે.

**— તુષાર શુક્લ**

# મોરારિબાપુના હસ્તે જાણીતા ગઝલકાર રમેશ ચૌહાણના ગઝલસંગ્રહ 'પીળો પડછાયો'નું વિમોચન






અમદાવાદના ટાઉન હોલ ખાતે શબ્દશ્રી આયોજિત જાણીતા ગઝલકાર રમેશ ચૌહાણના ગઝલસંગ્રહ 'પીળો પડછાયો'નો વિમોચન સમારોહ તારીખ ૧૨મી જાન્યુઆરીના રોજ યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆતમાં શ્યામલ-સૌમિલ અને આરતી મુનશીએ રમેશ ચૌહાણની કેટલીક રચનાઓનું ગાન કર્યું હતું અને કવિ સંમેલનમાં વિનોદ જોશી, ભાગ્યેશ જહા, તુષાર શુક્લ, રક્ષા શુક્લ અને રાજેશ વ્યાસ 'મિસ્કીન' દ્વારા કાવ્યપઠન કરવામાં આવ્યું હતું. ગઝલસંગ્રહ 'પીળો પડછાયો'ના વિમોચન પ્રસંગે રમેશ ચૌહાણે કહ્યું કે, 'મારી ગુજરાતીને સમૃદ્ધ કરવામાં મારી અભણ માનો બહુ મોટો ફાળો છે. માના મુખથી સાંભળેલી વાર્તાઓ, લોકગીતનો સ્વાદ હજુ કાન ભૂલ્યા નથી. આજે પણ નવી કોઈ ગઝલ લખાય ત્યારે સૌપ્રથમ મારી સ્વર્ગસ્થ માના ફોટાને સંભળાવું છું. જાણે એના સ્વર્ગમાંથી લંબાયેલા હાથમાં હજારો દાદ અને દુબારા સમાયેલા છે.'

પૂ. મોરારિબાપુએ પોતાના આશીર્વચન આપતા કહ્યું કે, 'પીળાના અનેક અર્થોને પીડાની ગઝલમાં રમેશ ચૌહાણે સમાવ્યા છે. મેં કાલે પહેલીવાર એમની ગઝલો વાંચી પણ વાંચીને આનંદ થયો. મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું.'




આ પ્રસંગે સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાએ જણાવ્યું કે, 'રમેશભાઈના સર્જનથી પ્રભાવિત થયો છું, ગુજરાત સાહિત્ય અકાદમી આવી દરેક પ્રતિભાને આવકારવા તત્પર છે.' હરદ્વાર ગોસ્વામીએ કાર્યક્રમનું સંચાલન કરતા કહ્યું કે, 'અનુભૂતિ' અને 'અહેસાસ' બાદ 'પીળો પડછાયો' એ રમેશભાઈનો ત્રીજો સુંદર સંગ્રહ છે.' ખીચોખીચ ભરેલા હાઉસફૂલ હૉલમાં એક અદ્‌ભુત કાર્યક્રમ માણ્યાના સંતોષ સાથે સાહિત્યપ્રેમી ભાવકોએ વિદાય લીધી હતી.



**શ્વાસની જેમ જ સતત એને શ્વસી છે.**
**મેં ભજનની જેમ ગુજરાતી ભણી છે.**
**આપ અળગી કઈ રીતે કરશો કહો તો?**
**માતૃભાષાને મેં લોહીમાં વણી છે.**

**– રમેશ ચૌહાણ**



# ગુજરાતી હાસ્ય સાહિત્ય વંદનાનો અદકેરો આનંદોત્સવ ઊજવાયો







ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના ઉપક્રમે અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશનમાં તારીખ ૧૯મી જાન્યુઆરીના રોજ ગુજરાતી હાસ્ય સાહિત્ય વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સાંઈ મકરંદ દવેની કવિતા દ્વારા લોક ગાયક અરવિંદ બારોટે પ્રાર્થના દ્વારા કરી હતી. ત્યાર બાદ રતિલાલ બોરીસાગર લિખિત બે હાસ્યગીતોની પેરોડીની રજૂઆતમાં આરતી મુનશીએ 'જાગને જાદવા, કૃષ્ણ નિશાળિયા' અને સૌમિલ મુનશી દ્વારા 'મંગલ મંદિર ખોલો'ની રજૂઆત કરવામાં આવી હતી. કવિ દલપતરામની દ્વિશતાબ્દી વર્ષ નિમિત્તને ધ્યાનમાં રાખી શ્યામલ મુનશીએ 'મનહર છંદ' ગાઈને વાતાવરણ સંગીતમય બનાવી દીધું હતું.




ગૂર્જર પ્રકાશનના મનુભાઈ શાહે આમંત્રિતોને ગુજરાતી હાસ્યસાહિત્ય વંદના કાર્યક્રમ વિશે જણાવ્યું હતું. આ પ્રસંગે રતિલાલ બોરીસાગર લિખિત પુસ્તક 'ત્રણ અઠવાડિયા અમેરિકામાં'નું વિમોચન કરવામાં આવ્યું હતું. જાણીતા કવિ હર્ષદ ત્રિવેદીએ પોતાના વ્યાખ્યાન 'ભદ્રંભદ્રથી મોજમાં રે'વું રે' સુધીની સફર માત્ર ૨૦ મિનિટમાં ફાસ્ટફોર્વડ કરી 'વાંચી' વર્ણવી હતી. રતિલાલ બોરીસાગરે પોતાની આગવી

હાસ્યશૈલીમાં જણાવ્યું કે 'પોતાના મગજના મેન્યુફેક્ચરિંગ ફોલ્ટને લીધે આ ૧૩માં પુસ્તક સુધી પહોંચ્યા છે. અને પોતાને મળેલા વરદાનરૂપ ભૂલકણાપણાના પ્રસંગો શ્રોતાઓને કહી સંભળાવ્યા હતા. બકોર પટેલની વાર્તાઓ વાંચી જ છે એવું નથી, એ પોતે જીવી છે તે ઉદાહરણ આપી જણાવ્યું હતું.



હાસ્યસ્થ વિનોદ ભટ્ટ ભલે સદેહે ત્યાં ઉપસ્થિત નહોતા પણ તેમના ચાહકો માને છે કે તેઓ શબ્દદેહે વિરાજે જ છે. માટે કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને વિનોદ ભટ્ટની છબિ રાખવામાં આવી હતી. કાર્યક્રમમાં હાસ્યસેતુ રઇશ મનીઆરે સંભાળ્યો હતો. ઋણસ્વીકાર વિદ્યાગુરુ ફાઉન્ડેશનના ડૉ. માનસેતાએ કર્યો હતો. આજની શિક્ષણ પ્રણાલી વિશે એક રેડિયો મુલાકાતનું હાસ્ય મંચન જિગીષા-અર્ચન ત્રિવેદી તથા બિંદુ ઉપાધ્યાય કડવેએ કર્યું હતું.



સાહિત્યને પ્રોત્સાહન આપતા આ કાર્યક્રમમાં દર્શકો અને શ્રોતાઓ એટલી મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા કે સીડીમાં વગર ખુરશીએ પલાંઠી વાળી ગોઠવાઈ ગયા હતા.



# કવિ દલપતરામની દ્વિશતાબ્દી મહોત્સવ પૂર્ણાહુતિ સમારોહ 'દલપતયુગના સંભારણા' યોજાયો



રૂડી ગુજરાતી વાણી રાણીના વકીલ કવિ દલપતરામની દ્વિશતાબ્દી મહોત્સવનો પૂર્ણાહુતિ સમારોહ 'દલપતયુગના સંભારણા'ના શીર્ષક હેઠળ તારીખ ૨૧ જાન્યુઆરીના રોજ અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડૉ. વિનોદ જોશીએ દલપતરામને સંપૂર્ણ કવિ ગણાવતાં કહ્યું કે, દલપતરામને આપણે માત્ર સમાજ સુધારણાના કવિનું બિરુદ આપીને અટકી જઈએ છીએ, પરંતુ તેમના કાવ્યોની ભાવનાત્મકતા, સમાજ સુધારણાની ઘોષણા, કુટુંબભાવ, ઋતુસૌંદર્ય, વ્યક્તિમત્તા એવા બહુ પરિમાણિય પાસાઓ તેમને સંપૂર્ણ કવિ બનાવે છે.

તેમણે દલપતરામના કાવ્યના અસ્પૃષ્ટ પાસાને વર્ણવતા તેમનાં ઋતુ સૌંદર્ય દર્શાવતાં કાવ્યોના ઉદાહરણ આપ્યાં હતા. તેમણે દલપતરામની બાપાની પીપર કવિતા યાદ કરતાં કહ્યું કે, એ સમયના કોઈ પણ કવિએ ગુજરાતી ભાષાનો કસ કાઢ્યો હોય એ વાત હું નથી માનતો, આ વાત નર્મદને ધ્યાનમાં રાખીને હું કહું છું.

આઝાદી પહેલાં દલપતરામે લખેલી ગુજરાતી પિંગળ છંદશાસ્ત્રની સવા લાખ નકલો વેચાઈ હતી! આ કવિનું શ્રેય અને ગુજરાતી ભાષા સંદર્ભે પ્રકાશ સૂચવે છે.

ડૉ. રિઝવાન કાદરીએ ૧૯મી સદીના ઘડવૈયા કવિશ્વર દલપતરામ વિશે કહ્યું કે, અમદાવાદમાં પહેલી વહેલી ફોટોગ્રાફી આવી એનું શ્રેય દલપતરામને જાય છે. શહેરમાં સૌ પહેલો ફોટોગ્રાફર દલપતરામની તસવીર લેવા માટે આવ્યો હતો. દલપતરામના જાણીતા ભૂતનિબંધોની વાત કરતાં તેમણે જણાવ્યું કે, દલપતરામ રોજ ભૂત પકડતા,

પાખંડને ખુલ્લો પાડતાં. ગુજરાતમાંથી કોઈ તરજૂમો થયો હોય તો એ ભૂતનિબંધો હતાં, જેનો હિન્દી, મરાઠી, ઉર્દુ અને અંગ્રેજી ભાષામાં અનુવાદ થયો. અંગ્રેજી અનુવાદ ફૉર્બ્સે કર્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય કક્ષાના મંત્રી પુરુષોત્તમ રૂપાલા અધ્યક્ષસ્થાને હતા. તેમણે જે કવિને યાદ કરવા માટે ૨૦૦ વર્ષ પછી પણ લોકો મોટી સંખ્યામાં હાજર રહેતાં હોય તેનું સાહિત્ય નવી પેઢી સુધી પહોંચે તેના વધુ પ્રયત્ન કરવા અપીલ કરી હતી જ્યારે કેબિનેટ મંત્રી કૌશિક પટેલ ઉપરાંત મેયર બિજલ પટેલ હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. અર્ચન ત્રિવેદીએ જીવરામ ભટ્ટ પોતાની પાંચમી પત્નીને સાસરે લેવા જાય છે તેનો અંશ 'મિથ્યાભિમાન'માંથી રજૂ કર્યો હતો. તેમજ દલપતરામ પરિવારના બાળકોએ 'ઊંટ કહે...' કવિતાની રજૂઆત કરી હતી. આ પ્રસંગે દલપતરામ પરિવાર દ્વારા દલપતરામ ડોટ કોમ વેબસાઇટ પણ લોન્ચ કરવામાં આવી હતી.

આ પ્રસંગે દીવાન બલ્લુભાઈ પ્રાથમિક શાળા(કાંકરિયા)ના વિદ્યાર્થીઓએ આચાર્ય અનિલભાઈ રાવલના આયોજનમાં 'જય જય પ્રભુ પ્રાર્થના', 'રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો', 'અમે ઇડરિયો ગઢ જીત્યા', 'ઊંટ કહે આ સમામાં' જેવાં દલપતરામના જુદાં જુદાં ગીતો પ્રસ્તુત કર્યાં હતાં.



## રંગ છલકતા સફેદ રણની વાતો... વેરાનીમાં મહેરામણની વાતો...





ગુજરાત પ્રવાસન ક્ષેત્રે સંકળાયેલા નિરવ મુન્શીએ પોતાનું કામ કરતાં કરતાં વિવિધ સ્થળો અને તેની સાથે સંકળાયેલા લોકજીવનને નજીકથી જાણવાનો અને તેને અનુભવવાનો મોકો મળ્યો. આ અનુભવોએ તેમના માનસપટ પર એક અમીટ છાપ છોડી. તેમની આંખ સામે રણોત્સવને ઉછરતો તેમણે નિહાળ્યો. સફેદ રણમાં રંગોળી સમાન આ રણોત્સવને કારણે કચ્છમાં આવેલા પરિવર્તનને તેઓ જીવ્યા તેમણે ઝીલ્યું અને શબ્દસ્થ કર્યું 'વેરાન રણમાં માનવ મહેરામણ' પુસ્તક સ્વરૂપે.



આ પુસ્તકનું તારીખ ૬ જાન્યુઆરીના રોજ જે. બી. ઑડિટોરિયમ ખાતે લોકાર્પણ કરવામાં આવ્યું. ગુજરાત રાજ્યના તે વખતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદષ્ટિએ આ સફેદ રણમાં અનેકવિધ રંગો પૂર્યા. આ સમગ્ર ઘટનાથી નિરવ મુન્શીને પ્રેરણા મળી અને રચાયું છે આ પુસ્તક. લોકાર્પણ પ્રસંગે નિરવ મુન્શીએ આ પુસ્તક પોતાના માતા વિભાબહેનને

અર્પણ કર્યું. આ પ્રસંગે પ્રવાસનમંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહીર, સેક્રેટરી શ્રીમતી મમતા વર્મા (IAS), મેનેજિંગ ડિરેક્ટર શ્રી જેનુ દેવન (IAS), ગુજરાત પ્રવાસન નિગમના ભૂતપૂર્વ ચેરમેન કમલેશ પટેલ તથા ગુજરાત પ્રવાસન નિગમના ભૂતપૂર્વ સેક્રેટરી શ્રી એસ. જે. હૈદર (IAS), વિપુલ મિત્રા, અમદાવાદના મેયર શ્રીમતી બીજલ પટેલ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સહકાર્યકર્તાઓ ખાસ હાજર રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

નિશ્ચિત સમયમર્યાદામાં આ કાર્યક્રમનું સંચાલન અને સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયમ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને હાલના રાજ્યપાલ (ઉત્તરપ્રદેશ) શ્રીમતી આનંદીબહેન પટેલના શુભેચ્છા સંદેશનું પઠન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'તારક મહેતાના ઉલ્ટા ચશ્માં' ટીવી શ્રેણીના પ્રતિભાસંપન્ન કલાકારો દિલીપ જોશી, મયુર વાંકાણી, ઘનશ્યામભાઈ નાયક, તન્મય વેકરીયા હાજર રહ્યા હતા. નિશા શર્મા અને આશુતોષ રાવલ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. ઓ. ટી. પીતાંજય દ્વારા સફેદ રણની પ્રતિકૃતિ રૂપે સ્ટેજનું નિર્માણ કરવામાં આવ્યું હતું.



ભાવકોએ પ્રવાસન ક્ષેત્રે સંકળાયેલા અને અન્ય ભાવકો બહોળી સંખ્યામાં હાજર રહીને નિરવ મુન્શીને અભિનંદન પાઠવ્યા હતા અને સૌ હાઈ-ટી બાદ છૂટા પડ્યા હતા. ખારાં અગરને મીઠા પતાસામાં ફેરવનાર કચ્છી માંડુંઓની સાથે ખભેખભા મિલાવીને સહકાર આપનાર પ્રત્યેક વ્યક્તિવિશેષને અને રાષ્ટ્રના પ્રવાસનને આ પુસ્તક અર્પણ કરવામાં આવ્યું છે. નિરવ મુન્શીના આ પ્રયત્નોને સ્વરસેતુ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.





## જન્મદિવસ શુભ હો... શુભદાયી...

૧ માર્ચ: **હસમુખ ભાવસાર** (નાટ્ય કલાકાર, અમદાવાદ)

૧ માર્ચ: **વિપુલ આચાર્ય** (ગાયક, અમદાવાદ)

૨ માર્ચ: **આણંદજીભાઈ શાહ** (સંગીતકાર, મુંબઈ)

૨ માર્ચ: **ભાસ્કર શુક્લ** (સાહિત્યકાર, ગાંધીનગર)

૨ માર્ચ: **આનલ મહેતા** (ગાયિકા, અમદાવાદ)

૩ માર્ચ: **શંકર મહાદેવન** (ગાયક, સંગીતકાર, મુંબઈ)

૩ માર્ચ: **નરેશ વેદ** (સાહિત્યકાર, વલ્લભવિદ્યાનગર)

૩ માર્ચ: **રેખા ઠાકર** (ગાયિકા, અમદાવાદ)

૪ માર્ચ: **પાર્થ ત્રિપાઠી** (વાદક કલાકાર-તબલા, અમદાવાદ)

૭ માર્ચ: **સાધના સરગમ** (પાર્શ્વગાયિકા, મુંબઈ)

૭ માર્ચ: **કૃષ્ણકુમાર નાયક** (ગાયક, અમદાવાદ)

૯ માર્ચ: **અંકિત ત્રિવેદી** (કવિ, સંચાલક, અમદાવાદ)

૯ માર્ચ: **ઝાકીર હુસૈન** (વાદક કલાકાર-તબલા, મુંબઈ)

૧૦ માર્ચ: **દીપક અંજારિયા** (ગાયક, સ્વરકાર, વડોદરા)

૧૦ માર્ચ: **આરતી મણિયાર** (નાટ્ય કલાકાર, અમદાવાદ)

૧૧ માર્ચ: **સુજાતા મહેતા** (નાટ્ય કલાકાર, અભિનેત્રી, મુંબઈ)

૧૨ માર્ચ: **પદ્મશ્રી ડૉ. ગુણવંત શાહ** (સાહિત્યકાર, સુરત)

૧૨ માર્ચ: **હેતલ અવસ્થી** (ગાયિકા, ભાવનગર)

૧૨ માર્ચ: **સ્વરા ભટ્ટ** (ગાયિકા, ભાવનગર)

૧૨ માર્ચ: **ફાલ્ગુની પાઠક** (ગાયિકા, મુંબઈ)

૧૨ માર્ચ: **ચંદન દાસ** (ગાયક, સંગીતકાર, મુંબઈ)

૧૨ માર્ચ: **શ્રેયા ઘોષાલ** (ગાયિકા, મુંબઈ)

૧૩ માર્ચ: **કલ્પેશ ભડિયાદરા** (લોકનૃત્યકાર, ભાવનગર)

૧૩ માર્ચ: **હરિતા ખાંધેડિયા** (અભિનેત્રી, ભાવનગર)

૧૪ માર્ચ: **સમીર સેન** (સંગીતકાર, મુંબઈ)

૧૪ માર્ચ: **પ્રેમશંકર ભટ્ટ** (કવિ, લેખક, ભાવનગર)

૧૫ માર્ચ: **વાસુદેવ પાઠક 'વાગર્થ'** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૧૫ માર્ચ: **શિલ્પા પંડિત** (ગાયિકા, અમદાવાદ)



## સુખદાયી... ચિર આયુ પામો

૧૫ માર્ચ: **ઇલા અરુણ** (ગાયિકા, મુંબઈ)

૧૬ માર્ચ: **લલિત** (સંગીતકાર, મુંબઈ)

૧૭ માર્ચ: **એસ્થર ડેવિડ** (શિલ્પી, ચિત્રકાર, સાહિત્યકાર, અમદાવાદ)

૧૮ માર્ચ: **અલીશા ચિનોય** (ગાયિકા, મુંબઈ)

૧૮ માર્ચ: **નિર્મિશ ઠાકર** (કવિ, લેખક, અમદાવાદ)

૧૮ માર્ચ: **ચિત્રા સિંહ** (ગાયિકા, મુંબઈ)

૨૦ માર્ચ: **અલકા યાજ્ઞિક** (ગાયિકા, મુંબઈ)

૨૧ માર્ચ: **રાહી અંધારિયા** (સાહિત્યકાર, ભાવનગર)

૨૧ માર્ચ: **જગત ભટ્ટ** (વાદક કલાકાર-કોંગો, ભાવનગર)

૨૧ માર્ચ: **પ્રતિભા ઠક્કર** (કવયિત્રી, લેખિકા, ભાવનગર)

૨૨ માર્ચ: **તપન દીવાનજી** (રેકોર્ડિસ્ટ, મુંબઈ)

૨૩ માર્ચ: **સારંગ દેવ** (સંગીતકાર, મુંબઈ)

૨૩ માર્ચ: **પ્રહર વોરા** (ગાયક કલાકાર, અમદાવાદ)

૨૩ માર્ચ: **સ્મૃતિ ઈરાની** (ટીવી. કલાકાર, મુંબઈ)

૨૪ માર્ચ: **મિતેન ટોલાટ** (સાઉન્ડ-વીડિયોગ્રાફર, અમદાવાદ)

૨૪ માર્ચ: **યજ્ઞેશ દવે** (કવિ, સાહિત્યકાર, રાજકોટ)

૨૪ માર્ચ: **મહેન્દ્ર ઉપાધ્યાય** (ચિત્રકાર, ભાવનગર)

૨૫ માર્ચ: **દિલીપ સેન** (સંગીતકાર, મુંબઈ)

૨૫ માર્ચ: **રાજુલ પટેલ** (ગાયિકા, અમદાવાદ)

૨૭ માર્ચ: **અંકિતા મહેતા** (કથ્થક નૃત્યકાર, ભાવનગર)

૨૭ માર્ચ: **અદિતિ ઠાકોર** (અભિનેત્રી, ફિલ્મનિર્માણ, અમદાવાદ)

૨૭ માર્ચ: **નૃપી ખાંડેકર** (વાદક કલાકાર-કી-બોર્ડ, અમદાવાદ)

૨૮ માર્ચ: **પ્રવીણ ક. લહેરી** (ભૂતપૂર્વ સચિવશ્રી, સાહિત્યકાર, અમદાવાદ)

૨૮ માર્ચ: **માધુરી વૈષ્ણવ** (ગાયિકા, ભાવનગર)

૨૯ માર્ચ: **અજય પટેલ** (વાદક કલાકાર-વાયોલીન, ગાયક, યુ.એસ.એ.)


૨૯ માર્ચ: **પુષ્પા અંતાણી** (સાહિત્યકાર, વડોદરા)

૩૧ માર્ચ: **જિજ્ઞા વ્યાસ** (નાટ્ય કલાકાર, અમદાવાદ)

૩૧ માર્ચ: **હનીફ સાહિલ** (કવિ, નડિયાદ)

વિશ્વપ્રસિદ્ધ IGI લેબ પ્રમાણિત

ફક્ત **VVS-EF** બેસ્ટ ક્વોલિટી હીરજડિત જ્વેલરી



**પારૂમા**

જ્વેલ્સ

Exclusive Diamond Jewellery

"પારૂમા હાઉસ" નેહરુ નગર સર્કલ પાસે,અમદાવાદ-૧૫.

ફોન : ૦૭૯ - ૨૬૭૫૦૫૦૮, ૭૫૭૫૮ ૫૦૫૦૮

# પાણીજન્ય રોગોનો ફેલાવો અને ઉપાયો

## રોગના ફેલાવા માટે જવાબદાર પરિબળો



હાથની આંગળીઓ



મળમૂત્ર



જંતુ અને પાલતું પ્રાણીઓ



ખુલ્લામાં મળ ત્યાગ



દૂષિત ખાદ્ય પદાર્થ



દૂષિત પાણી

**ફેલાતા રોગો :**

ઝાડા, મરડો, ઝાડા-ઊલટી, ટાઈફોઈડ, કોલેરા, પોલિઓ, કમળો

## રોગચાળાથી બચવા આટલું કરો.



સંડાસનો ઉપયોગ કરવાથી



હાથને સાબુથી સારી રીતે ધુઓ



ચોખ્ખા પાણીના સ્રોતોનો યોગ્ય ઉપયોગ કરો



સ્વચ્છ, તાજો અને ઢાંકેલા ખોરાકનો ઉપયોગ કરો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.

